સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

# ICE CURRENT NEWS

YouTube ICE RAJKOT




ICE RAJKOT SUBSCRIBE

આપની તૈયારીને સર્વશ્રેષ્ઠ બનાવવા અમે લાવ્યા છીએ :

**ICE CURRENT NEWS**

કરંટ અફેર્સની તૈયારી હવે વધુ સરળ અને ઝડપી બનાવવા આજે જ સબસ્ક્રાઈબ કરો અમારી YouTube ચેનલ

ICE RAJKOT

દરેક નવા વીડિયોના **NOTIFICATION** માટે **BELL** icon **PRESS** કરો.


**સંપાદક**

**મૌલિક ગોંધિયા**

(Director - ICE)


[SEP-2019]
[08/09 to 14/09]

# WEEK-37

## CURRENT TOPIC

- ગુજરાત હાઈકોર્ટના 25મા મુખ્ય ન્યાયાધીશ તરીકે જસ્ટિસ વિક્રમ નાથની નિમણૂક
- ભારત–નેપાળ વચ્ચે દક્ષિણ એશિયાની પ્રથમ ક્રોસ બોર્ડર પાઈપલાઈનનું લોકાર્પણ
- US Open 2019 ટેનિસ ટુર્નામેન્ટ
- ગુજરાત સરકાર દ્વારા નવા ટ્રાફિક નિયમોના દંડની રકમમાં રાહત
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા 'પ્રધાનમંત્રી કિસાન માન–ધન યોજના'નો શુભારંભ
- નાણાકીય વર્ષ 2019-20ના પ્રથમ ત્રિમાસિકમાં ભારતમાં FDIમાં 28 ટકાનો વધારો



t.me/icerajkotofficial | icerajkot | icerajkot | icerajkot

SADGURU COMPLEX, 2nd FLOOR, NR. AKSHAR MANDIR, KALAWAD ROAD, RAJKOT-360001.
CALL : 9375701110 / 9328001110

## 8 SEPTEMBER, 2019 SUNDAY

## ➢ દિવસ મહિમા : 8 સપ્ટેમ્બર (1) વિશ્વ સાક્ષરતા દિવસ(International Literacy Day) (2) વિશ્વ ભૌતિક ચિકિત્સા દિવસ(World Physical Therapy Day)

### વિશ્વ સાક્ષરતા દિવસ




સમગ્ર વિશ્વમાં સાક્ષરતાના મહત્ત્વ અંગે જાગૃતિ લાવવા માટે દર વર્ષે 8 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ સાક્ષરતા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- યુનેસ્કો (UNESCO) દ્વારા 17 નવેમ્બર 1966ના રોજ આ દિવસની ઉજવણીની જાહેરાત કરવામાં આવી હતી.
- આ અંતર્ગત વર્ષ 1967થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ થયો છે.
- વર્ષ 2019ની 'વિશ્વ સાક્ષરતા દિવસ'ની થીમ 'Literacy and Multilingualism' છે.

**નોંધ :** (1) UNESCOનું પૂરું નામ 'United Nations Educational Scientific and Cultural Organization' છે.
(2) તેનું વડું મથક ફ્રાન્સના પેરિસ ખાતે આવેલું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➢ Gold Reserves(સુવર્ણ ભંડાર)ની બાબતમાં ભારતનો ટોપ 10માં સમાવેશ

World Gold Council દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા રિપોર્ટ અનુસાર નેધરલેન્ડને પાછળ રાખીને Gold Reserves એટલે કે સુવર્ણ ભંડારની બાબતમાં ભારતનો સમાવેશ ટોપ 10માં થયો છે.

- આ યાદીમાં અમેરિકા પ્રથમ ક્રમે છે.
- અમેરિકા બાદ જર્મની બીજા અને IMF ત્રીજા ક્રમે છે.
- જ્યારે ભારત 10મા અને પાકિસ્તાન 45મા ક્રમે છે.
- આ યાદીમાં ભારતનો રેન્ક 10મો છે, પરંતુ સૌથી વધુ ગોલ્ડ રીઝર્વ ધરાવતા દેશોમાં ભારતનો ક્રમ 9મો છે.
- કારણ કે આ યાદીમાં ત્રીજા ક્રમે સમાવેશ પામેલ IMF કોઈ દેશ નથી, પરંતુ આંતરરાષ્ટ્રીય સંસ્થા છે.

**સૌથી વધુ Gold Reserves Rank**

| ક્રમ | દેશ/સંસ્થા | સુવર્ણ ભંડાર(ટનમાં) |
|---|---|---|
| 1 | અમેરિકા | 8,133.5 |
| 2 | જર્મની | 3,336.8 |
| 3 | IMF | 2,451.8 |
| 10 | ભારત | 618.2 |
| 11 | નેધરલેન્ડ | 612.5 |
| 45 | પાકિસ્તાન | 64.6 |



**નોંધ :** IMFનું પૂરું નામ 'International Monetary Fund' છે.

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

## ➤ નાણાકીય વર્ષ 2019-20ના પ્રથમ ત્રિમાસિકમાં ભારતમાં FDIમાં 28 ટકાનો વધારો

વર્તમાન નાણાકીય વર્ષ 2019-20ના એપ્રિલથી જૂન સુધીના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતમાં FDI 28 ટકા વધીને 16.33 અબજ ડોલર રહ્યું છે.




- આ અગાઉના નાણાકીય વર્ષના સમાન ગાળામાં તે 12.75 અબજ ડોલર હતું.
- નાણાકીય વર્ષ 2019-20ના પ્રથમ ત્રિમાસિકમાં ભારતમાં FDIનું સૌથી વધુ પ્રમાણ સેવા ક્ષેત્રમાં રહ્યું છે. સેવા ક્ષેત્ર બાદ કોમ્પ્યુટર સોફ્ટવેર અને હાર્ડવેર બીજા ક્રમે છે.
- જ્યારે આ ગાળામાં ભારતમાં સૌથી વધુ પ્રત્યક્ષ વિદેશી રોકાણ સિંગાપોર ખાતેથી થયું છે.
- સિંગાપોર બાદ મોરિશિયસ બીજા અને અમેરિકા ત્રીજા ક્રમે છે.

**નોંધ :** (1) FDIનું પૂરું નામ Foreign Direct Investment છે.

(2) FDIને ગુજરાતીમાં 'પ્રત્યક્ષ વિદેશી રોકાણ' તરીકે ઓળખવામાં આવે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ICE Questions

1. 'વિશ્વ સાક્ષરતા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 6 સપ્ટેમ્બર (B) 7 સપ્ટેમ્બર (C) 8 સપ્ટેમ્બર (D) 9 સપ્ટેમ્બર **(C)**

2. વર્ષ 2019ની 'વિશ્વ સાક્ષરતા દિવસ'ની થીમ શું છે ?

(A) Literacy and Multilingualism (B) Literacy and Education
(C) Literacy and Numeracy (D) ત્રણમાંથી કોઈ નહિ **(A)**

3. 'વિશ્વ ભૌતિક ચિકિત્સા દિવસ' અથવા તો 'World Physical Therapy Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 6 સપ્ટેમ્બર (B) 7 સપ્ટેમ્બર (C) 8 સપ્ટેમ્બર (D) 9 સપ્ટેમ્બર **(C)**

4. World Gold Council દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા રિપોર્ટ અનુસાર કયા દેશને પાછળ રાખીને તાજેતરમાં સુવર્ણ ભંડાર (Gold Reserves)ની બાબતમાં ભારતનો વિશ્વના ટોપ 10 દેશોની યાદીમાં સમાવેશ થયો છે ?

(A) ફિનલેન્ડ (B) નેધરલેન્ડ (C) આયર્લેન્ડ (D) સ્વિત્ઝર્લેન્ડ **(B)**

5. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલી વિશ્વમાં સૌથી વધુ સુવર્ણ ભંડારની IMF સહિત વિશ્વના વિવિધ દેશોની યાદીમાં ભારતનો રેન્ક કયો છે ?

(A) પાંચમો (B) સાતમો (C) દસમો (D) બારમો **(C)**

6. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા રિપોર્ટ અનુસાર વિશ્વમાં સૌથી વધુ સુવર્ણ ભંડાર ધરાવતા ફક્ત દેશોમાં ભારત કેટલામો દેશ છે ?

(A) પાંચમો (B) સાતમો (C) નવમો (D) બારમો **(C)**

7. નાણાકીય વર્ષ 2019-20ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતમાં FDIમાં કેટલા ટકાનો વધારો થયો છે ?

(A) 15 (B) 20 (C) 25 (D) 28 **(D)**

8. નાણાકીય વર્ષ 2019-20ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતમાં સૌથી વધુ પ્રત્યક્ષ વિદેશી રોકાણ કયા દેશમાંથી થયું છે ?

(A) અમેરિકા (B) સિંગાપોર (C) મલેશિયા (D) મોરિશિયસ **(B)**

9. નાણાકીય વર્ષ 2019-20ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ભારતમાં સૌથી વધુ પ્રત્યક્ષ વિદેશી રોકાણ કયા ક્ષેત્રમાં થયું છે ?

(A) સેવા (B) કોમ્પ્યુટર હાર્ડવેર (C) મેન્યુફેક્ચરિંગ (D) કન્સ્ટ્રક્શન **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 9 SEPTEMBER, 2019 MONDAY

### ➤ US Open 2019 ટેનિસ ટુર્નામેન્ટ

તાજેતરમાં 26 ઓગસ્ટથી 8 સપ્ટેમ્બર, 2019 દરમિયાન **અમેરિકા**ના **ન્યુયોર્ક** ખાતે **139મી યુએસ ઓપન ટેનિસ ચેમ્પિયનશિપ**નું આયોજન થયું હતું.

- જેમાં **કેનેડા**ના **સુશ્રી બિયાન્કા એન્ડ્રિસ્કુ**એ **અમેરિકા**ના **સુશ્રી સેરેના વિલિયમ્સ**ને પરાજય આપીને **'વિમેન્સ સિંગલ્સ'**નું ટાઈટલ જીતી લીધું છે.
- આ સાથે જ 19 વર્ષીય **સુશ્રી બિયાન્કા એન્ડ્રિસ્કુ** ગ્રાન્ડસ્લેમ સિંગલ્સ ટાઈટલ જીતનાર **કેનેડાના પ્રથમ ખેલાડી** બની ગયા છે.
- જ્યારે **'મેન્સ સિંગલ્સ'** સ્પર્ધામાં **રશિયા**ના **શ્રી ડેનીલ મેદવેદેવ**ને પરાજય આપીને **સ્પેન**ના **શ્રી રાફેલ નડાલે ચોથી વખત** આ ટાઈટલ જીતી લીધું છે.
- શ્રી રાફેલ નડાલનું આ **19મું ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ** હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**યુએસ ઓપન 2019 વિજેતા ખેલાડીઓ**

| ક્રમ | ટાઈટલ | વિજેતા | કોને હરાવીને ? |
|---|---|---|---|
| 1 | મેન્સ સિંગલ્સ | શ્રી રાફેલ નડાલ (સ્પેન) | શ્રી ડેનીલ મેદવેદેવ (રશિયા) |
| 2 | વિમેન્સ સિંગલ્સ | સુશ્રી બિયાન્કા એન્ડ્રિસ્કુ (કેનેડા) | સુશ્રી સેરેના વિલિયમ્સ (અમેરિકા) |
| 3 | મેન્સ ડબલ્સ | શ્રી જુઆન સેબેસ્ટિયન કબાલ (કોલમ્બિયા) | શ્રી માર્સેલ ગ્રેનોલર્સ (સ્પેન) |
| | | શ્રી રોબર્ટ ફરાહ (કોલમ્બિયા) | શ્રી હોરાસિઓ ઝેબેલોસ (આર્જેન્ટિના) |
| 4 | વિમેન્સ ડબલ્સ | સુશ્રી એલિસ મર્ટેન્સ (બેલ્જિયમ) | સુશ્રી વિકટોરિયા અઝારેન્કા (બેલારુસ) |
| | | સુશ્રી આર્યના સબાલેન્કા (બેલારુસ) | સુશ્રી એશ્લે બાર્ટી (ઓસ્ટ્રેલિયા) |
| 5 | મિકસ ડબલ્સ | શ્રી જેમી મરે (બ્રિટન) | શ્રી માઈકલ વીનસ (ન્યુઝીલેન્ડ) |
| | | સુશ્રી બેથાની માટેક સેન્ડસ (અમેરિકા) | સુશ્રી ચાન હાઓ ચિંગ (ચાઈનીઝ તાઈપેઈ) |





## ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ

ટેનિસની રમતની ચાર સૌથી મોટી ટુર્નામેન્ટમાં (1) **ઓસ્ટ્રેલિયન ઓપન** (2) **ફ્રેન્ચ ઓપન** (3) **વિમ્બલડન** અને (4) **યુએસ ઓપન**નો સમાવેશ થાય છે.

- ટેનિસની રમતની આ **ચારેય** સૌથી મોટી ટુર્નામેન્ટ **ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ** તરીકે ઓળખાય છે.
- ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટમાં ઉપરોક્ત **ચાર** ટુર્નામેન્ટનો સમાવેશ થાય છે.

### કઈ ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ ક્યારે યોજાય છે ?

| ક્રમ | ટુર્નામેન્ટ | ક્યારે યોજાય છે ? | ક્યાં યોજાય છે ? | પ્રારંભ | કઈ કોર્ટ પર રમાય છે ? |
|---|---|---|---|---|---|
| 1 | ઓસ્ટ્રેલિયન ઓપન | જાન્યુઆરી | મેલબોર્ન | 1905 | હાર્ડકોર્ટ |
| 2 | ફ્રેન્ચ ઓપન | મે/જૂન | પેરિસ | 1891 | ક્લે કોર્ટ |
| 3 | વિમ્બલ્ડન ચેમ્પિયન શિપ | જૂન/જુલાઈ | લંડન | 1877 | ગ્રાસ કોર્ટ |
| 4 | યુએસ ઓપન | ઓગસ્ટ/સપ્ટેમ્બર | ન્યુયોર્ક | 1881 | હાર્ડ કોર્ટ |


- યુએસ ઓપન એ દર વર્ષે **વર્ષના અંતે** યોજાતી **વર્ષની ચોથી અને અંતિમ ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ** છે.
- યુએસ ઓપન એ **હાર્ડકોર્ટ** પર રમાતી ટેનિસ ટુર્નામેન્ટ છે.
- **ફ્રેન્ચ ઓપન ક્લે કોર્ટ** પર રમાય છે.
- **ઓસ્ટ્રેલિયન ઓપન** એ દર વર્ષે **વર્ષના પ્રારંભે** યોજાતી ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ છે.
- **વિમ્બલડન** એ **સૌથી જૂની** ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ છે.

**નોંધ :** (1) **ટેનિસનું** મેદાન **કોર્ટ** તરીકે ઓળખાય છે.
(2) ટેનિસ ઉપરાંત કબડ્ડી, વોલીબોલ, હેન્ડબોલ, બેડમિન્ટન, નેટબોલ, ખો–ખો વગેરેનું મેદાન પણ **કોર્ટ** તરીકે જ ઓળખાય છે.

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➢ વરિષ્ઠ વકીલ અને પૂર્વ કાયદા મંત્રી શ્રી રામ જેઠમલાણીનું નિધન

ભારતમાં કેન્દ્ર સરકારના **પૂર્વ કાયદા મંત્રી** અને **વરિષ્ઠ વકીલ શ્રી રામ જેઠમલાણીનું** 8 સપ્ટેમ્બર, 2019ના રોજ **નવી દિલ્હી** ખાતે 95 વર્ષની વયે નિધન થયું છે.



- 14 સપ્ટેમ્બર, 1923ના રોજ વર્તમાન **પાકિસ્તાનના સિંધ** પ્રાંતના **શિકારપુર** ખાતે તેમનો જન્મ થયો હતો.
- નિધન સમયે તેઓ **બિહાર**માંથી **રાષ્ટ્રીય જનતા દળ** (RJD) તરફથી **રાજ્યસભાના સાંસદ** હતા.
- તેઓ **શ્રી અટલ બિહારી વાજપેઈ** સરકારમાં ભારતના **કાયદા અને ન્યાયમંત્રી** તથા **શહેરી વિકાસ મંત્રી** પણ રહ્યા હતા.

- તેઓ Indian Bar Councilના ચેરમેન અને Supreme Court Bar Associationના પ્રેસિડેન્ટ પણ રહ્યા હતા.
- તેમણે માત્ર 17 વર્ષની વયે L.L.B.ની ડિગ્રી મેળવી હતી.
- દેશના સૌથી વિવાદાસ્પદ કેસો લડવા માટે પ્રસિદ્ધ શ્રી રામ જેઠમલાણીને સુપ્રીમ કોર્ટના સૌથી મોંઘા વકીલ માનવામાં આવતા હતા.
- તેઓ 1959માં નાણાવટી કેસ લડી પ્રસિદ્ધ થયા હતા. તેઓ અનેક સ્મગલરોના વકીલ પણ રહ્યા હતા. તેમણે શ્રીમતી ઈન્દિરા ગાંધી તથા શ્રી રાજીવ ગાંધીના હત્યારાઓના તથા જેસિકા લાલ હત્યા કેસ જેવા અનેક વિવાદાસ્પદ કેસો લડયા હતા.

## Books

શ્રી રામ જેઠમલાણીએ લખેલા પુસ્તકોમાં–

(1) Big Egos, Small men
(2) Conflict of Laws
(3) Conscience of a Maverick
(4) Maverick : Unchanged, Unrepentant
(5) Justice : Soviet Style

વગેરેનો સમાવેશ થાય છે.

## Awards

શ્રી રામ જેઠમલાણીને મળેલા એવોર્ડમાં (1) International Jurist Award (2) Human Rights Award (1977) વગેરેનો સમાવેશ થાય છે.



## ➤ ગુજરાત હાઈકોર્ટના 25મા મુખ્ય ન્યાયાધીશ તરીકે જસ્ટિસ વિક્રમ નાથની નિમણૂક

ગુજરાત હાઈકોર્ટના નવા ચીફ જસ્ટિસ તરીકે શ્રી વિક્રમ નાથની નિમણૂક કરવામાં આવી છે.

- શ્રી વિક્રમ નાથ ગુજરાતના 25મા ચીફ જસ્ટિસ બન્યા છે.
- ગુજરાત હાઈકોર્ટના 25મા મુખ્ય ન્યાયાધીશ તરીકે શ્રી વિક્રમ નાથે ગુજરાત હાઈકોર્ટના કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ શ્રી અનંતકુમાર દવેનું સ્થાન લીધું છે.
- તાજેતરમાં ગાંધીનગરના રાજભવન ખાતે યોજાયેલા સમારોહમાં ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે શ્રી વિક્રમ નાથને ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ તરીકે શપથ અપાવ્યા છે.
- જસ્ટિસ વિક્રમ નાથ આ અગાઉ અલાહાબાદ હાઈકોર્ટના સિનિયર ન્યાયમૂર્તિ હતા.
- તેમણે 1987માં અલાહાબાદ હાઈકોર્ટમાં વકીલાતની શરૂઆત કરી હતી.

**નોંધ :** (1) આ અગાઉ નવ રચિત આંધ્રપ્રદેશ હાઈકોર્ટના પ્રથમ મુખ્ય ન્યાયાધીશ તરીકે કોલેજીયમે શ્રી વિક્રમ નાથના નામની ભલામણ કરી હતી. આથી શ્રી વિક્રમ નાથ આંધ્રપ્રદેશ હાઈકોર્ટનાં પ્રથમ મુખ્ય ન્યાયાધીશ બન્યા છે એવા અહેવાલો પ્રસિદ્ધ થયા હતા. પરંતુ બાદમાં કેન્દ્ર સરકારે આંધ્રપ્રદેશ હાઈકોર્ટના પ્રથમ મુખ્ય ન્યાયાધીશ તરીકે શ્રી વિક્રમ નાથના નામને મંજૂરી આપી ન હતી.

(2) આથી હવે, કોલેજીયમની ભલામણથી ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે ગુજરાત હાઈકોર્ટના નવા મુખ્ય ન્યાયાધીશ તરીકે જસ્ટિસ વિક્રમ નાથની નિમણૂક કરી છે.

(3) આંધ્રપ્રદેશ હાઈકોર્ટના વર્તમાન (9 સપ્ટેમ્બર, 2019ની સ્થિતિએ) કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ શ્રી સી.પ્રવિણ કુમાર છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ન્યાયાધીશની નિમણૂક માટેની Collegium શું છે ?

ભારતમાં ન્યાયાધીશોની નિમણૂક માટેનું સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ અને સુપ્રીમ કોર્ટના ચાર સૌથી વરિષ્ઠ ન્યાયાધીશોનું મંડળ Collegium તરીકે ઓળખાય છે.

- ભારતમાં સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટમાં ન્યાયાધીશોની નિમણૂક અને ટ્રાન્સફર માટે Collegium Systemનો ઉપયોગ થાય છે.
- આ સિસ્ટમ અંતર્ગત કોલેજીયમની સલાહથી રાષ્ટ્રપતિ દ્વારા સુપ્રીમ કોર્ટ તથા હાઈકોર્ટમાં ન્યાયાધીશની નિમણૂક કરવામાં આવે છે.

**નોંધ :** (1) આ 'Collegium'માં સુપ્રીમ કોર્ટના ભાવિ મુખ્ય ન્યાયાધીશનો સમાવેશ કરવો અનિવાર્ય છે.

(2) ભારતમાં ન્યાયાધીશોની નિમણૂક માટેની 'Collegium System'નો જન્મ "Three judges cases" દ્વારા થયો હતો.



## હાઈકોર્ટ (ઉચ્ચ ન્યાયાલય)

ભારતીય બંધારણના **ભાગ 6**ના **અનુચ્છેદ 214થી 231** અંતર્ગત હાઈકોર્ટ અંગેની જોગવાઈ કરવામાં આવી છે.

- ભારતમાં હાલ કુલ **25 હાઈકોર્ટ** આવેલી છે.
- **કોલકાતા હાઈકોર્ટ** ભારતની **સૌથી જૂની** હાઈકોર્ટ છે. તેની સ્થાપના **2 જુલાઈ, 1862**ના રોજ થઈ હતી.
- ભારતમાં છેલ્લે **23, 25 અને 26 માર્ચ 2013**ના રોજ અનુક્રમે **મેઘાલય**, **મણિપુર અને ત્રિપુરા**માં હાઈકોર્ટની સ્થાપના કરવામાં આવી હતી. ત્યારબાદ **1 જાન્યુઆરી 2019**ના રોજ ભારતમાં 25મી હાઈકોર્ટ તરીકે **આંધ્રપ્રદેશ હાઈકોર્ટ**ની રચના કરવામાં આવી છે.
- ગુજરાત હાઈકોર્ટની સ્થાપના **1 મે 1960**ના રોજ થઈ હતી.
- હાઈકોર્ટ એ રાજ્ય ન્યાયતંત્રનું સર્વોચ્ચ ન્યાયાલય છે.
- રાજ્યના અન્ય ન્યાયાલયો હાઈકોર્ટને આધીન હોય છે.
- ભારતીય બંધારણના **અનુચ્છેદ 214** અનુસાર પ્રત્યેક રાજ્ય માટે એક ઉચ્ચ ન્યાયાલયની વ્યવસ્થા કરાયેલી છે. પરંતુ **1956**ના **7મા બંધારણીય સુધારા** અંતર્ગત સંસદ બે કે તેથી વધુ રાજયો માટે એક જ ઉચ્ચ ન્યાયાલયની વ્યવસ્થા કરી શકે છે.

## હાઈકોર્ટના ન્યાયાધીશ

ભારતીય બંધારણના **અનુચ્છેદ 216** અનુસાર દરેક હાઈકોર્ટમાં **એક મુખ્ય ન્યાયાધીશ** અને **બીજા અન્ય ન્યાયાધીશો** હોય છે.

- હાઈકોર્ટના ન્યાયાધીશોની સંખ્યા વખતો વખત **રાષ્ટ્રપતિ** નક્કી કરે છે.
- ભારતીય બંધારણના **અનુચ્છેદ 217** અનુસાર **હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ**ની નિમણૂક **રાષ્ટ્રપતિ** દ્વારા **સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ** તથા સંબંધિત રાજ્યના **રાજ્યપાલ**ની સલાહથી કરવામાં આવે છે.
- **અનુચ્છેદ 217** અનુસાર રાષ્ટ્રપતિ હાઈકોર્ટના **અન્ય ન્યાયાધીશો**ની નિયુક્તિ **સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ**, સંબંધિત રાજ્યના **રાજ્યપાલ** અને એ રાજ્યની **હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ**ની સલાહ પ્રમાણે કરે છે.
- આ ઉપરાંત ભારતની હાઈકોર્ટમાં ન્યાયાધીશોની નિમણૂક માટે 'Collegium'ની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

## હાઈકોર્ટના મુખ્ય તથા અન્ય ન્યાયાધીશ માટેની લાયકાતો

(1) તેઓ ભારતના નાગરિક હોવા જોઈએ.

(2) ઓછામાં ઓછા **10 વર્ષ**નો **ન્યાયાધીશ**નો અનુભવ હોવો જોઈએ.

અથવા

ઓછામાં ઓછા **10 વર્ષ** સુધી **હાઈકોર્ટ**માં વકીલાતનો અનુભવ હોવો જોઈએ.

## હાઈકોર્ટના ન્યાયાધીશનો કાર્યકાળ (મુદત)

ભારતીય બંધારણના **અનુચ્છેદ-217(1)** મુજબ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ સહિત તમામ ન્યાયાધીશ **62 વર્ષની વય સુધી** પોતાના પદ ઉપર સેવા આપી શકે છે.

- કોઈપણ ન્યાયાધીશ ભારતના **રાષ્ટ્રપતિ**ને સંબોધીને પોતાનું રાજીનામું આપી શકે છે.

## હાઈકોર્ટના ન્યાયાધીશના શપથ

**અનુચ્છેદ 219** અનુસાર હાઈકોર્ટના ન્યાયાધીશોની શપથવિધિ **રાજ્યપાલ** કે **રાજ્યપાલ દ્વારા નિમાયેલી અન્ય વ્યક્તિ** સમક્ષ યોજાય છે.

## પગાર અને ભથ્થા

વર્તમાન સમયે **હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ**નો પગાર **રૂ. 2,50,000 પ્રતિમાસ** અને **અન્ય ન્યાયાધીશો**નો પગાર **રૂ. 2,25,000** પ્રતિમાસ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**હાઈકોર્ટ અંગે ભારતીય બંધારણના મહત્ત્વના અનુચ્છેદ**

| ક્રમ | અનુચ્છેદ | જોગવાઈ |
|---|---|---|
| 1 | 214 | રાજ્યો માટે હાઈકોર્ટ |
| 2 | 216 | હાઈકોર્ટની રચના |
| 3 | 217 | હાઈકોર્ટના ન્યાયાધીશની નિમણૂક અને તેના હોદ્દાની શરતો |
| 4 | 219 | હાઈકોર્ટના ન્યાયાધીશોએ લેવાના શપથ અથવા પ્રતિજ્ઞા |
| 5 | 223 | કાર્યકારી મુખ્ય ન્યાયાધીશની નિમણૂક |
| 6 | 231 | બે કે તેથી વધુ રાજ્યો માટે એક જ હાઈકોર્ટની (સંસદ દ્વારા) સ્થાપના |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**નોંધ :** (1) ગુજરાત હાઈકોર્ટના પ્રથમ મુખ્ય ન્યાયાધીશ શ્રી સુંદરલાલ ત્રિકમલાલ દેસાઈ હતા.

(2) આ અગાઉ ગુજરાતના 24મા મુખ્ય ન્યાયાધીશ શ્રી આર. સુભાષ રેડ્ડી હતા.



## ➢ ગુજરાતના 10મા ખેલ મહાકુંભ 2019નો અમદાવાદ ખાતેથી પ્રારંભ

8 સપ્ટેમ્બર, 2019ના રોજ ગુજરાતમાં <u>અમદાવાદ</u>ના <u>સંસ્કારધામ</u> ખાતેથી <u>ખેલ મહાકુંભ 2019</u>નો પ્રારંભ થયો છે.

- જે ગુજરાતનો **<u>10મો</u>** ખેલ મહાકુંભ છે.
- ભારતના કેન્દ્રીય રમતગમત મંત્રી **<u>શ્રી કિરણ રિજ્જૂ</u>** અને ગુજરાતના મુખ્યમંત્રી **<u>શ્રી વિજયભાઈ રૂપાણી</u>**એ **<u>ફૂટબોલ-આર્ચરી</u>**ની રમત શરૂ કરાવીને ખેલ મહાકુંભની શરૂઆત કરાવી હતી.
- ખેલ મહાકુંભ 2019માં રેકોર્ડ **<u>46,89,730</u>** રમતવીરોએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે.
- આ મહાકુંભમાં વિજેતા ખેલાડીઓને **<u>રૂ. 40 કરોડ</u>**ના ઈનામ આપવાની ગુજરાત સરકારે જાહેરાત કરી છે.
- ખેલ મહાકુંભ 2019માં કુલ **<u>36 રમતો</u>**નો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં **<u>Roll Ball, Equestrian</u>** અને **<u>Bridge</u>** નામની રમતો નવી ઉમેરવામાં આવી છે.

**નોંધ :**(1) ગુજરાત સરકારના **<u>રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ</u>** અંતર્ગતના **<u>સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત</u>** દ્વારા ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવે છે.

(2) ગુજરાતમાં ખેલ મહાકુંભનો પ્રારંભ તત્કાલીન મુખ્યમંત્રી **<u>શ્રી નરેન્દ્રભાઈ મોદી</u>** દ્વારા વર્ષ **<u>2010</u>**થી થયો હતો.

(3) ખેલ મહાકુંભનું સ્લોગન **<u>'રમશે ગુજરાત, જીતશે ગુજરાત'</u>** છે.

(4) એશિયન ગેમ્સ 2018માં ગોલ્ડ મેડલ વિજેતા ગુજરાતની દોડ વીરાંગના સરિતા ગાયકવાડે મૂળ **<u>'ખો-ખો'</u>**ની રમતમાં કારકિર્દીની શરૂઆત કરી હતી. જોકે તેમણે ખેલ મહાકુંભમાં દોડની રમતમાં ભાગ લઈને પછીથી દોડની રમતમાં આગળ વધ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



## ➤ રમતગમત ક્ષેત્રે યુવાનોને પ્રોત્સાહન પૂરું પાડતી ગુજરાત સરકારની યોજનાઓ

### શક્તિદૂત યોજના

**આ યોજનાનો લાભ કોને મળશે ?**

કોમનવેલ્થ ગેઈમ્સ, એશિયન ગેઈમ્સ, આફ્રો એશિયન ગેઈમ્સ, ઓલિમ્પિક અને સ્કૂલ ગેઈમ્સ ફેડરેશન દ્વારા માન્ય રમતોમાં વિજેતા થઈ મેળવેલી સિદ્ધિને ધ્યાનમાં રાખીને નિયુક્ત સમિતિ દ્વારા પસંદગી પામતા ખેલાડીને આ યોજનાનો લાભ મળે છે.

**આ યોજના અંતર્ગત કયા હેતુ માટે શું લાભ મળે છે ?**

આ યોજના અંતર્ગત ન્યુટ્રીશન, સ્પોર્ટ્સ મેડિસિન, ઈક્વિપમેન્ટ, ગણવેશ ખરીદી, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા તથા નિષ્ણાંત પાસે તાલીમ લેવા માટે ખેલાડીની કક્ષાને અનુરૂપ **રૂ. 2.5 લાખથી રૂ. 25 લાખ** સુધીની નાણાંકીય સહાય પૂરી પાડવામાં આવે છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ખેલ પ્રતિભા પુરસ્કાર

**આ યોજનાનો લાભ કોને મળશે ?**

**રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની ચેમ્પિયનશિપ**માં વિજેતા ખેલાડીઓને ખેલ પ્રતિભા પુરસ્કારથી નવાજવામાં આવે છે.

**આ યોજના અંતર્ગત શું લાભ મળે છે ?**

આ યોજના અંતર્ગત ખેલાડીની સિદ્ધિને અનુરૂપ **રૂ. 10,000થી રૂ. 5 કરોડ** સુધીના પુરસ્કાર આપવામાં આવે છે. આ ઉપરાંત **ઓલિમ્પિક** અથવા **એશિયન ગેમ્સ**માં **ગોલ્ડ મેડલ** મેળવનાર ખેલાડીને ગુજરાત સરકારમાં **ક્લાસ-1 ઓફિસર** તરીકે નિમણૂક આપવામાં આવે છે.

**ખેલ પ્રતિભા પુરસ્કાર અંતર્ગત રોકડ ઈનામ**

| ક્રમ | સ્પર્ધા | ગોલ્ડ મેડલ | સિલ્વર મેડલ | બ્રોન્ઝ મેડલ |
|---|---|---|---|---|
| 1 | ઓલિમ્પિક | રૂ. 5 કરોડ | રૂ. 3 કરોડ | રૂ. 2 કરોડ |
| 2 | એશિયન ગેમ્સ | રૂ. 2 કરોડ | રૂ. 1 કરોડ | રૂ. 50 લાખ |
| 3 | કોમનવેલ્થ | રૂ. 1 કરોડ | રૂ. 50 લાખ | રૂ. 25 લાખ |
| 4 | કોમનવેલ્થ અને એશિયન ગેમ્સ સિનિયર્સ | રૂ. 50 લાખ | રૂ. 30 લાખ | રૂ. 20 લાખ |
| 5 | કોમનવેલ્થ, એશિયન ગેમ્સ જૂનિયર | રૂ. 25 લાખ | રૂ. 15 લાખ | રૂ. 10 લાખ |
| 6 | નેશનલ | રૂ. 3 લાખ | રૂ. 2 લાખ | રૂ. 1 લાખ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## કલાકાર કલ્યાણ નિધિ

### આ યોજનાનો લાભ કોનો મળે છે ?

સંગીત, નૃત્ય, પપેટ્રી, લોકકલા તેમજ ચિત્રકામ, શિલ્પ, સ્થાપત્ય, ગ્રાફિકસ જેવી લલીત કલાઓ પૈકી કોઈ એક કલા કે એકથી વધુ કલાઓના ક્ષેત્રમાં જેનું ઓછામાં ઓછું દસ વર્ષનું નોંધપાત્ર પ્રદાન હોય તેને આ યોજનાનો લાભ મળી શકે છે.

### આ યોજના અંતર્ગત શું લાભ મળે છે ?

કલાકાર જે કલામાં નિષ્ણાંત હોય તે જ વાજિંત્રની ખરીદી માટે વાજીંત્રની ખરેખર કિંમતના 50 ટકા સહાય આપવામાં આવે છે.

- જો વાજીંત્રની કિંમત **રૂા. 5000 કે તેથી ઓછી** હોય તો 100 ટકા સુધીની સહાય મંજૂર કરી શકાશે.

## નિવૃત્ત રમતવીરોને પેન્શન

### આ યોજનાનો લાભ કોને મળશે ?

ખેલાડીની ઉંમર **50 વર્ષથી વધુ** હોય અને માસિક આવક **રૂપિયા 2500થી ઓછી** હોય, જેઓએ રાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિ મેળવી હોય કે રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરેલું હોય તે રમતવીરને આ યોજનાનો લાભ મળશે.

### આ યોજના અંતર્ગત શું લાભ મળશે ?

આ યોજના અંતર્ગત નિવૃત્ત રમતવીરોને **માસિક રૂા. 1500** લેખે **આજીવન પેન્શન** આપવામાં આવશે.

## આંતરરાષ્ટ્રીય કક્ષાએ આર્થિક સહાય

**આ યોજનાનો લાભ કોને મળશે ?**

આંતરરાષ્ટ્રીય કક્ષાની રમતમાં ભાગ લેવા જઈ રહેલા ગુજરાતના ખેલાડીઓને આ યોજનાનો લાભ મળશે.

**આ યોજના અંતર્ગત શું લાભ મળશે ?**

હવાઈ મુસાફરી ખર્ચ, લોજિંગ, બોર્ડિંગ અને કીટ માટેના ખર્ચ પેટે ખર્ચની 50 ટકા રકમ રૂ. 75,000ની મર્યાદામાં આપવામાં આવે છે.

## શિષ્યવૃત્તિ

**આ યોજનાનો લાભ કોને મળશે ?**

રાષ્ટ્ર કક્ષાએ શાળાકીય, બાળ, ગ્રામીણ તથા મહિલા રમતોત્સવમાં પ્રથમ, દ્વિતીય તથા તૃતીય કક્ષાએ વિજેતા થનાર ખેલાડીને આ શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

**આ યોજના અંતર્ગત શું સહાય આપવામાં આવે છે ?**

આ યોજના અંતર્ગત જે–તે વર્ષે રૂપિયા 2500 શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## વૃત્તિકા

**આ યોજનાનો લાભ કોને મળશે ?**

શાળાકીય રમતોમાં રાષ્ટ્રીય કક્ષાએ ભાગ લેનાર ખેલાડીને આ યોજનાનો લાભ આપવામાં આવે છે.

**આ યોજના અંતર્ગત શું લાભ મળશે ?**

આ યોજના અંતર્ગત જે–તે વર્ષે રૂ. 2000 શિષ્યવૃત્તિ આપવામાં આવશે.

## રાજ્ય રમતવીર એવોર્ડ

**આ યોજનાનો લાભ કોને મળશે ?**

રાષ્ટ્રીય કક્ષાની રમતો શાળાકીય, બાળ, ગ્રામિણ રમતોત્સવની સ્પર્ધાઓમાં રાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ, દ્વિતીય તથા તૃતીય કક્ષાએ વિજેતા થનાર ખેલાડીને આ યોજનાનો લાભ આપવામાં આવે છે.

**આ યોજના અંતર્ગત શું લાભ મળશે ?**

આ યોજના અંતર્ગત જે–તે વર્ષે રૂપિયા 4500 શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

## એન. આઈ. એસ. ડિપ્લોમા થયેલા ખેલાડીઓને સ્ટાઈપેન્ડ

### આ યોજનાનો લાભ કોને મળશે ?

આ યોજના અંતર્ગત એન. આઈ. એસ. ડિપ્લોમામાં ફર્સ્ટ ક્લાસ આવેલ ખેલાડીને સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે.

## એકલવ્ય સિનિયર/ જુનિયર એવોર્ડ

### આ યોજનાનો લાભ કોને મળશે ?

આંતરરાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ, દ્વિતીય, તૃતીય કક્ષાએ સ્થાન મેળવનાર ખેલાડીઓને આ એવોર્ડ આપવામાં આવે છે.

### આ યોજના અંતર્ગત શું લાભ મળશે ?

આ યોજના અંતર્ગત જુનિયર ખેલાડીને રૂ. 50,000 તથા સિનિયર ખેલાડીને રૂ. 1,00,000 રોકડ પુરસ્કાર આપવામાં આવે છે.

- આ ઉપરાંત મોમેન્ટો, પ્રમાણપત્ર, બ્લેઝર, ક્રેસ્ટ વગેરે આપવામાં આવે છે.

## સરદાર પટેલ સિનિયર/ જુનિયર એવોર્ડ

### આ યોજનાનો લાભ કોને મળશે ?

રાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ, દ્વિતીય, તૃતીય કક્ષાએ સ્થાન મેળવનાર ખેલાડીઓને આ એવોર્ડ આપવામાં આવે છે.

### આ યોજના અંતર્ગત શું લાભ મળશે ?

આ યોજના અંતર્ગત જુનિયર ખેલાડીને રૂ. 25,000 તથા સિનિયર ખેલાડીને રૂ. 50,000 રોકડ પુરસ્કાર આપવામાં આવે છે.

- આ ઉપરાંત મોમેન્ટો, પ્રમાણપત્ર, બ્લેઝર, ક્રેસ્ટ વગેરે આપવામાં આવે છે.

## જયદીપસિંહ સિનિયર/ જુનિયર એવોર્ડ

### આ યોજનાનો લાભ કોને મળશે ?

રાજ્ય કક્ષાએ પ્રથમ, દ્વિતીય, તૃતીય કક્ષાએ સ્થાન મેળવનાર ખેલાડીઓને આ એવોર્ડ આપવામાં આવે છે.

### આ યોજના અંતર્ગત શું લાભ મળશે ?


આ યોજના અંતર્ગત જુનિયર ખેલાડીને રૂ. 10,000 તથા સિનિયર ખેલાડીને રૂ. 20,000 રોકડ પુરસ્કાર આપવામાં આવે છે.

- આ ઉપરાંત મોમેન્ટો, પ્રમાણપત્ર, બ્લેઝર, ક્રેસ્ટ વગેરે પણ આપવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

ગુજરાત સરકારની આવનારી બિનસચિવાલય કલાર્ક, સિનિયર કલાર્ક, તલાટી, જુનિયર કલાર્ક, PSI/ASI/CONSTABLE, આસિસ્ટન્ટ સહાયક આદિજાતિ વિકાસ કમિશનર, રેલવે, Dy.SO./Dy.MAM., સર્વેયર, ડેપોમેનેજર વગેરે તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી




## ICE ? Questions

| | | |
|---|---|---|
| 1. | યુએસ ઓપન 2019માં 'વિમેન્સ સિંગલ્સ' ટાઈટલ વિજેતા ખેલાડીનું નામ શું છે ?<br>(A) સુશ્રી સેરેના વિલિયમ્સ (B) સુશ્રી બિયાન્કા એન્ડ્રિસ્કુ<br>(C) સુશ્રી એશલી બાર્ટી (D) સુશ્રી ટિમીયા બેબોસ | (B) |
| 2. | યુએસ ઓપન 2019માં 'મેન્સ સિંગલ્સ' ટાઈટલ વિજેતા ખેલાડીનું નામ શું છે ?<br>(A) શ્રી રોજર ફેડરર (B) શ્રી રાફેલ નડાલ<br>(C) શ્રી નોવાક યોકોવિચ (D) શ્રી જોન માર્ટિન ડેલ પોટ્રો | (B) |
| 3. | યુએસ ઓપન 2019માં 'વિમેન્સ સિંગલ્સ' ટાઈટલ વિજેતા સુશ્રી બિયાન્કા એન્ડ્રિસ્કુ કયા દેશના ખેલાડી છે ?<br>(A) આર્જેન્ટિના (B) રશિયા (C) જાપાન (D) કેનેડા | (D) |
| 4. | યુએસ ઓપન 2019ની 'વિમેન્સ સિંગલ્સ'ની ફાઈનલ મેચમાં કોને પરાજય આપીને કેનેડાના સુશ્રી બિયાન્કા એન્ડ્રિસ્કુએ આ ટાઈટલ પ્રથમ વખત જીત્યું છે ?<br>(A) સુશ્રી વીનસ વિલિયમ્સ (B) સુશ્રી સેરેના વિલિયમ્સ<br>(C) સુશ્રી સિમોના હાલેપ (D) સુશ્રી એંજેલિક કાર્બર | (B) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

| | | |
|---|---|---|
| 5. | યુએસ ઓપન 2019માં 'મેન્સ સિંગલ્સ' ટાઈટલ જીતનાર શ્રી રાફેલ નડાલ કયા દેશના ટેનિસ ખેલાડી છે ?<br>(A) સ્વિત્ઝર્લેન્ડ (B) સ્પેન (C) જર્મની (D) સર્બિયા | (B) |
| 6. | વર્ષના અંતે રમાતી ચોથી અને સૌથી અંતિમ ગ્રાન્ડ સ્લેમ ટેનિસ ટુર્નામેન્ટનું નામ શું છે ?<br>(A) વિમ્બલ્ડન ચેમ્પિયનશિપ (B) ફ્રેન્ચ ઓપન<br>(C) યુએસ ઓપન (D) ઓસ્ટ્રેલિયન ઓપન | (C) |
| 7. | યુએસ ઓપન કઈ કોર્ટ પર રમાય છે ?<br>(A) ક્લે કોર્ટ (B) હાર્ડ કોર્ટ (C) ગ્રાસ કોર્ટ (D) A અને B બંને | (B) |
| 8. | ભારતના વરિષ્ઠ વકીલ શ્રી રામ જેઠમલાણીનું તાજેતરમાં નિધન થયું છે.... નિધન સમયે તેઓ ભારતના કયા રાજ્યમાંથી રાજ્યસભાના સાંસદ હતા ?<br>(A) ઉત્તરપ્રદેશ (B) બિહાર (C) હરિયાણા (D) ત્રણમાંથી કોઈ નહિ | (B) |
| 9. | ભારતના વરિષ્ઠ વકીલ શ્રી રામ જેઠમલાણીનું તાજેતરમાં નિધન થયું છે.... તેમણે કેન્દ્ર સરકારના કયા મંત્રી પદે સેવા આપી હતી ?<br>1. કાયદો અને ન્યાય 2. શહેરી વિકાસ 3. ગ્રામીણ વિકાસ 4. આરોગ્ય<br>(A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 1, 2 (D) 1, 3 | (C) |
| 10. | ગુજરાત હાઈકોર્ટના નવા મુખ્ય ન્યાયાધીશ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?<br>(A) જસ્ટિસ વિક્રમ નાથ (B) જસ્ટિસ વિક્રમ ચૌધરી<br>(C) જસ્ટિસ વિક્રમ ચૌહાણ (D) જસ્ટિસ વિક્રમ શાહ | (A) |
| 11. | ગુજરાત હાઈકોર્ટના કેટલામા ચીફ જસ્ટિસ તરીકે શ્રી વિક્રમ નાથની તાજેતરમાં નિમણૂક કરવામાં આવી છે ?<br>(A) 23મા (B) 24મા (C) 25મા (D) 26મા | (C) |
| 12. | ગુજરાત હાઈકોર્ટના પ્રથમ મુખ્ય ન્યાયાધીશનું નામ શું છે ?<br>(A) શ્રી રમણલાલ દેસાઈ (B) શ્રી જેઠાલાલ દેસાઈ<br>(C) શ્રી સુંદરલાલ દેસાઈ (D) શ્રી વ્રજલાલ દેસાઈ | (C) |
| 13. | વર્ષ 2019માં ગુજરાતમાં કેટલામા ખેલ મહાકુંભનો પ્રારંભ થયો છે ?<br>(A) 8મા (B) 9મા (C) 10મા (D) 11મા | (C) |
| 14. | ખેલ મહાકુંભ 2019માં ગુજરાતના રેકોર્ડ કેટલા રમતવીરોએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે ?<br>(A) 40 લાખ (B) 42 લાખ (C) 44 લાખ (D) 46.89 લાખ | (D) |
| 15. | ખેલ મહાકુંભ 2019માં નીચેનામાંથી કઈ નવી રમતનો સમાવેશ કરવામાં આવ્યો છે ?<br>(A) Roll Ball (B) Equestrian (C) Bridge (D) ઉપરોક્ત ત્રણેય | (D) |
| 16. | ખેલ મહાકુંભ 2019માં કુલ કેટલી રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે ?<br>(A) 30 (B) 32 (C) 34 (D) 36 | (D) |
| 17. | ગુજરાતમાં ખેલ મહાકુંભનો પ્રારંભ ક્યારથી થયો હતો ?<br>(A) 2004 (B) 2006 (C) 2008 (D) 2010 | (D) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

18. ગુજરાતમાં યોજાતો 'ખેલ મહાકુંભ' કઈ કક્ષાની રમત–ગમત સ્પર્ધા છે ?
(A) તાલુકા અને જિલ્લા કક્ષાની (B) જિલ્લા કક્ષાની
(C) રાજ્ય કક્ષાની (D) રાષ્ટ્ર કક્ષાની **(C)**

19. ગુજરાતમાં યોજાતા 'ખેલ મહાકુંભ'નું સ્લોગન શું છે ?
(A) ખેલો ગુજરાત (B) રમશે ગુજરાત
(C) રમશે ગુજરાત, જીતશે ભારત (D) રમશે ગુજરાત, જીતશે ગુજરાત **(D)**

20. શક્તિદૂત યોજના અંતર્ગત ગુજરાતના ખેલાડીને કેટલા રૂપિયા સુધીની સહાય આપવામાં આવે છે ?
(A) રૂ. 2.5 લાખથી રૂ. 25 લાખ (B) રૂ. 1 લાખથી રૂ. 10 લાખ
(C) રૂ. 3 લાખથી રૂ. 15 લાખ (D) રૂ. 4 લાખથી રૂ. 20 લાખ **(A)**

21. ખેલ પ્રતિભા પુરસ્કાર અંતર્ગત એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ વિજેતા ગુજરાતી ખેલાડીને ગુજરાત સરકાર દ્વારા કેટલા રૂપિયાનો પુરસ્કાર આપવામાં આવે છે ?
(A) રૂ. 5 કરોડ (B) રૂ. 2 કરોડ (C) રૂ. 1 કરોડ (D) રૂ. 50 લાખ **(B)**

22. ખેલ પ્રતિભા પુરસ્કાર અંતર્ગત એશિયન ગેમ્સમાં સિલ્વર મેડલ વિજેતા ગુજરાતી ખેલાડીને ગુજરાત સરકાર દ્વારા કેટલા રૂપિયાનો પુરસ્કાર આપવામાં આવે છે ?
(A) રૂ. 1 કરોડ (B) રૂ. 50 લાખ (C) રૂ. 30 લાખ (D) રૂ. 25 લાખ **(A)**

23. ખેલ પ્રતિભા પુરસ્કાર અંતર્ગત એશિયન ગેમ્સમાં બ્રોન્ઝ મેડલ વિજેતા ગુજરાતી ખેલાડીને ગુજરાત સરકાર દ્વારા કેટલા રૂપિયાનો પુરસ્કાર આપવામાં આવે છે ?
(A) રૂ. 1 કરોડ (B) રૂ. 50 લાખ (C) રૂ. 30 લાખ (D) રૂ. 25 લાખ **(B)**

24. ગુજરાત સરકારની કઈ યોજના અંતર્ગત કલાકારને વાજીંત્ર ખરીદવા માટે સહાય આપવામાં આવે છે ?
(A) સંગીત કલાનિધિ યોજના (B) કલાકાર કલાનિધિ યોજના
(C) કલાકાર કલ્યાણ નિધિ યોજના (D) સંગીતકાર કલ્યાણ નિધિ યોજના **(C)**

25. ગુજરાત સરકારની 'નિવૃત્ત રમતવીરોને પેન્શન' યોજના અંતર્ગત નિવૃત્ત ગુજરાતી ખેલાડીને ગુજરાત સરકાર દ્વારા કેટલા રૂપિયાનું માસિક પેન્શન આપવામાં આવે છે ?
(A) રૂ. 1500 (B) રૂ. 2000 (C) રૂ. 2500 (D) રૂ. 3000 **(A)**

26. ગુજરાત સરકારની 'આંતરરાષ્ટ્રીય કક્ષાએ આર્થિક સહાય' યોજના અંતર્ગત આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ભાગ લેવા જઈ રહેલા ગુજરાતી ખેલાડીને કેટલા રૂપિયા સુધીની આર્થિક સહાય આપવામાં આવે છે ?
(A) રૂ. 2 લાખ (B) રૂ. 1 લાખ (C) રૂ. 75,000 (D) રૂ. 50,000 **(C)**

27. ગુજરાત સરકારની 'એકલવ્ય સિનિયર/જુનિયર એવોર્ડ' યોજના અંતર્ગત આંતરરાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ, દ્વિતીય, તૃતીય સ્થાન મેળવનાર જુનિયર તથા સિનિયર ખેલાડીને અનુક્રમે કેટલી રકમ પુરસ્કાર રૂપે આપવામાં આવે છે ?
(A) રૂ. 50,000 અને રૂ. 1,00,000 (B) રૂ. 75,000 અને રૂ. 1,50,000
(C) રૂ. 25,000 અને રૂ. 50,000 (D) રૂ. 10,000 અને રૂ. 20,000 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

28. ગુજરાત સરકારની 'સરદાર પટેલ સિનિયર/જુનિયર એવોર્ડ' યોજના અંતર્ગત રાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ, દ્વિતીય, તૃતીય સ્થાન મેળવનાર જુનિયર તથા સિનિયર ખેલાડીને અનુક્રમે કેટલી રકમ પુરસ્કાર રૂપે આપવામાં આવે છે ?

(A) રૂ. 50,000 અને રૂ. 1,00,000 (B) રૂ. 25,000 અને રૂ. 50,000
(C) રૂ. 15,000 અને રૂ. 30,000 (D) રૂ. 10,000 અને રૂ. 20,000 **(B)**

29. ગુજરાત સરકારની 'જયદીપસિંહ સિનિયર/જુનિયર એવોર્ડ' યોજના અંતર્ગત રાજ્યકક્ષાએ પ્રથમ, દ્વિતીય, તૃતીય સ્થાન મેળવનાર જુનિયર તથા સિનિયર ખેલાડીને અનુક્રમે કેટલી રકમ પુરસ્કાર રૂપે આપવામાં આવે છે ?

(A) રૂ. 25,000 અને રૂ. 50,000 (B) રૂ. 20,000 એન રૂ. 40,000
(C) રૂ. 15,000 અને રૂ. 30,000 (D) રૂ. 10,000 અને રૂ. 20,000 **(D)**

## 10 SEPTEMBER, 2019 TUESDAY

### ➤ દિવસ મહિમા : 10 સપ્ટેમ્બર, વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ (World Suicide Prevention Day)

સમગ્ર વિશ્વમાં આત્મહત્યાની પ્રવૃત્તિ રોકવા માટે તથા એ અંગે લોકોમાં જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે **10 સપ્ટેમ્બર**ના રોજ **'વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.




- આ અંગે વર્ષ **2003**થી વિવિધ પ્રવૃત્તિઓનો પ્રારંભ થયો છે.
- વર્ષ **2019**ના 'વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ'ની થીમ **'Working Together to Prevent Suicide'** છે.

**નોંધ :** (1) Chinese Centers for Disease Control and Preventionના વર્ષ 2011માં પ્રસિદ્ધ થયેલા રિપોર્ટ અનુસાર ચીનમાં દર વર્ષે લગભગ 20 લાખ લોકો આત્મહત્યા કરે છે.
(2) જેમાંથી 75 ટકા આત્મહત્યા ગ્રામીણ વિસ્તારોમાં થાય છે. ચીનમાં છેલ્લા પાંચ દાયકામાં આત્મહત્યાના પ્રમાણમાં 60 ટકાનો વધારો થયો છે.

### ➤ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા અંબાજી ખાતે ભાદરવી પૂનમના મહામેળાનો વિધિવત શુભારંભ

ગુજરાતના પ્રસિદ્ધ યાત્રાધામ **અંબાજી** ખાતે દર વર્ષે **ભાદરવી પૂનમ** નિમિત્તે મેળાનું આયોજન થાય છે.

- આ અંતર્ગત તાજેતરમાં અંબાજી ખાતે 8થી 14 સપ્ટેમ્બર 2019 દરમિયાન ભાદરવી પૂનમના મહામેળાનું આયોજન થયું છે.
- જેનો શ્રીફળ વધેરી **માતાજીનો રથ દોરીને** રથનું પ્રસ્થાન કરાવીને મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ 8 સપ્ટેમ્બર 2019ના રોજ વિધિવત શુભારંભ કરાવ્યો છે.

## અંબાજી મંદિરની વિશેષતા


ગુજરાતનું પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મંદિર ગુજરાતના **બનાસકાંઠા** જિલ્લાના **દાંતા** તાલુકાના **આરાસુર** ગામમાં આવેલું છે.



- તે ગુજરાતની ઉત્તરે **રાજસ્થાન**ની સરહદ પાસે **અરવલ્લીના પર્વતો**ની વચ્ચે **આરાસુરના ડુંગર**માં આવેલું છે.
- અરવલ્લીની ગીરીમાળામાં તે દરિયાઈ સપાટીથી લગભગ **1580થી 1600 ફૂટની ઊંચાઈ પર** આવેલું છે.
- અંબાજી એક **પુરાણપ્રસિદ્ધ શક્તિપીઠ** છે. પ્રસિદ્ધ 51 શક્તિપીઠોમાં તેનું સ્થાન **હૃદય સમાન** છે. આરાસુરમાં દેવી સતી અથવા માતાજીના હૃદયનો ભાગ પડયો હોવાની માન્યતા છે.
- **અંબાજી 358 સુવર્ણ કળશ ધરાવતું ભારતનું એક માત્ર શક્તિપીઠ છે.**
- અંબાજી મંદિરમાં માતાજીની મૂર્તિની નહિ પરંતુ **વિશોયંત્ર** અથવા તો **વીસાયંત્ર**ની પૂજા થાય છે.
- વીસાયંત્રના શણગારને મુગટ તથા ચુંદડી સાથે એ રીતે ગોઠવાય છે કે તે સવારી પર આરૂઢ માતાજીની મૂર્તિ હોવાનો ભાસ થાય છે.
- આ યંત્ર **શુદ્ધ સોનામાંથી** બનેલું છે. એક માન્યતા મુજબ તે **શ્રીયંત્ર** છે અને તે **ઉજ્જૈન** અને **નેપાળ**ની શક્તિપીઠોના મૂળયંત્ર સાથે સંકળાયેલું છે.
- આ યંત્રમાં **51 અક્ષરો** હોવાનું પ્રમાણ મળે છે.
- આ મંદિરમાં દર **આઠમે** વીસાયંત્રની વિશેષ પૂજા કરવામાં આવે છે. એમાંયે **નવરાત્રિના આઠમા નોરતે** હવન-યજ્ઞ સાથે વીસાયંત્રની પૂજાનું વિશેષ મહત્ત્વ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## અંબાજી વિશે પૌરાણિક માન્યતા



(1) ભાગવતમાં ઉલ્લેખ છે કે **ભગવાન શ્રી કૃષ્ણના માથાના વાળ ઉતારવાની વિધિ (બાબરી અથવા ચૌલ ક્રિયા)** આરાસુરમાં **મા અંબાના સ્થાને** થઈ હતી. એ પ્રસંગે શ્રી નંદ તથા યશોદાજીએ માતાજીના સ્થાનકે જવારા વાવ્યા હતા અને સાત દિવસ સુધી અંબાજી રહ્યા હતા. આજે પણ એ સ્થળ **ગબ્બર પર્વત** ઉપર જોવા મળે છે.

(2) વનવાસ દરમિયાન સીતાજીને શોધવા માટે **ભગવાન શ્રી રામ અને શ્રી લક્ષ્મણ** પણ અર્બુદાના જંગલોમાં **શ્રી શૃંગી ઋષિ**ના આશ્રમમાં આવ્યા હતા. અને શ્રી શૃંગી ઋષિએ તેમને માતાજીના આશીર્વાદ મેળવવા દર્શનાર્થે મોકલ્યા હતા.

**નોંધ :** (1) અંબાજીનું પ્રસિદ્ધ મંદિર **પ્રાગ ઐતિહાસિક કાળનું** હોવાનું મનાય છે. પણ ઉપલબ્ધ પરિસ્થિતિ અનુસાર હાલનું સ્થાનક **બારસો વર્ષ જૂનું** હોવાનું માનવામાં આવે છે.

(2) સ્વતંત્રતા બાદ **દાંતા**ના રાજવી **શ્રી પૃથ્વીરાજસિંહજી**એ અંબાજી માતાના મંદિરનો કબજો **પાલનપુરના પ્રાંત ઓફિસરને** સોંપ્યો હતો.

(3) ત્યારબાદ રાજ્ય સરકાર દ્વારા અંબાજી મંદિરના વહીવટ માટે **'શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ'**ની સ્થાપના કરવામાં આવી હતી. હાલ આ ટ્રસ્ટ દ્વારા જ અંબાજી મંદિરનો વહીવટ કરવામાં આવે છે.

(4) અંબાજીનો વિસ્તાર **સરસ્વતી નદીનું** ઉદ્ગમ સ્થાન મનાય છે.

(5) અંબાજીથી બે કિલોમીટર દૂર **ગબ્બર**ના પહાડમાં આવેલી ગુફામાં **અંબામાતાનું આદિમસ્થાન** આવેલું હોવાનું મનાય છે.

(6) અંબાજીના મંદિરની સામેની બાજુએ **ચાચરનો ચોક** આવેલો છે. આથી, અંબામાતાને 'ચાચરના ચોકવાળી' પણ કહેવામાં આવે છે.

## ICE Questions

1. 'વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 8 સપ્ટેમ્બર (B) 9 સપ્ટેમ્બર (C) 10 સપ્ટેમ્બર (D) 11 સપ્ટેમ્બર **(C)**

2. ગુજરાતના પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે દર વર્ષે ક્યારે મેળો ભરાય છે ?
   (A) ભાદરવી બીજ (B) ભાદરવી પાંચમ (C) ભાદરવી પૂનમ (D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

3. ગુજરાતનું પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી બનાસકાંઠા જિલ્લાના કયા તાલુકામાં આવેલું છે ?
   (A) ડીસા (B) દાંતા (C) દાંતીવાડા (D) દીઓદર **(B)**

4. ગુજરાતનું પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મંદિર કયા ગામમાં આવેલું છે ?
   (A) આરાસુર (B) અમરપુરા (C) આભાપુરા (D) અમલોઈ **(A)**

5. 358 સુવર્ણ કળશ ધરાવતું ભારતનું એક માત્ર શક્તિપીઠ કયું છે ?
   (A) નૈના દેવી મંદિર, ઉત્તરાખંડ (B) કામાક્ષી મંદિર, કાંચિપુરમ્
   (C) અંબાજી મંદિર, ગુજરાત (D) મા અંબિકા શક્તિપીઠ, રાજસ્થાન **(C)**

6. પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મંદિરમાં માતાજીની મૂર્તિની નહિ પરંતુ શેની પૂજા થાય છે ?
   (A) તેમના ચરણ પાદુકાની (B) તેમના મુગટની (C) તેમની ચૂંદડીની (D) વીસાયંત્રની **(D)**

7. પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મંદિરમાં માતાજીની મૂર્તિની નહિ પરંતુ વિશોયંત્ર કે વીસાયંત્રની પૂજા થાય છે... આ યંત્રમાં કેટલા અક્ષર હોવાનું પ્રમાણ મળે છે ?
   (A) 108 (B) 101 (C) 71 (D) 51 **(D)**

8. ભગવાન શ્રી કૃષ્ણના માથાના વાળ ઉતારવાની વિધિ અથવા તો બાબરી કે ચૌલ ક્રિયાની વિધિ કઈ જગ્યાએ થઈ હોવાનું માનવામાં આવે છે ?
   (A) બહુચરાજી (B) પાવાગઢ (C) ગબ્બર–અંબાજી (D) મથુરા **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

9. લોકવાયકા અનુસાર ભગવાન શ્રી રામને વનવાસ દરમિયાન કયા ઋષિએ અંબામાતાના આશીર્વાદ લેવા દર્શનાર્થે મોકલ્યા હતા ?
(A) શ્રી વશિષ્ઠ (B) શ્રી વાલ્મિકી (C) શ્રી શૃંગી (D) શ્રી વ્યાસજી **(C)**

10. સ્વતંત્રતા બાદ દાંતાના કયા રાજવીએ યાત્રાધામ અંબાજી મંદિરનો કબજો પાલનપુરના પ્રાંત ઓફિસરને સોંપ્યો હતો ?
(A) શ્રી કૃષ્ણસિંહજી (B) શ્રી પૃથ્વીરાજસિંહજી
(C) શ્રી જયરાજસિંહજી (D) શ્રી શકિતસિંહજી **(B)**

## 11 SEPTEMBER, 2019 WEDNESDAY

## ➤ તાજેતરમાં ચર્ચામાં રહેલ કોંગો ફીવર શું છે ?



કોંગો ફીવરને CCHF એટલે કે Crimean Congo Hemorrhagic Fever તરીકે ઓળખવામાં આવે છે.
- હાલ ગુજરાતમાં કોંગો ફીવરના અનેક કેસ નોંધાયા હતા આથી આ રોગ હાલ ચર્ચામાં છે.
- CCHF એ **વાઈરસથી થતો એક ચેપી રોગ છે.**
- આ રોગ **ઈતરડી**ના કરડવાથી ફેલાય છે.
- પશુઓની ચામડી સાથે ચોંટી રહેતા **'હિમોરલ'** નામના **પરજીવી** આ રોગના વાહક હોવાનું કહેવાય છે.
- આથી, ઈતરડી દ્વારા **ગાય, ભેંસ, ઘેટા, બકરી, કૂતરા** વગેરે જેવા **પશુઓમાંથી** આ રોગ **મનુષ્ય**માં ફેલાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ક્રીમીયન કોંગો ફીવરના લક્ષણો

આ રોગના લક્ષણોમાં તાવ આવવો, ઝાડા, ઊલટી, માંસપેશીઓમાં દુ:ખાવો, પીઠમાં દર્દ, માથામાં દુ:ખાવો, ચક્કર આવવા, આંખોમાં બળતરા થવી, શરીરના છીદ્રોમાંથી લોહી આવવું વગેરેનો સમાવેશ થાય છે.
- તેના ઉપચાર માટે કોઈ રસી ઉપલબ્ધ નથી. પરંતુ **Ribavirin** નામની દવાથી તેમાં રાહત થઈ શકે છે.

### કોંગો વાઈરસનો ફેલાવો

આ વાઈરસ સૌપ્રથમ **1944**માં **Crimea (ક્રીમિયા)** નામના દેશમાં જોવા મળ્યો હતો.
- ત્યારબાદ **1969**માં તે **Congo**માં જોવા મળ્યો હતો.
- આથી, Crimea અને Congoના નામ પરથી તેનું **Crimean-Congo Hemorrhagic Fever (CCHF) નામ** પડ્યું છે.
- ક્રીમિયા અને કોંગો બાદ **2001**માં **પાકિસ્તાન, દક્ષિણ આફ્રીકા અને ઈરાન**માં આ રોગનો પ્રકોપ જોવા મળ્યો હતો.
- સત્તાવાર રીતે ગુજરાતમાં **અમદાવાદ** જિલ્લાના સાણંદ તાલુકાના **કોલાટ** ગામમાં વર્ષ **2011**માં કોંગોનો સૌપ્રથમ કેસ નોંધાયો હતો એવું કહેવાય છે.
- કેટલાક મીડિયા રિપોર્ટ અનુસાર સમગ્ર ભારતમાં કોંગોથી સૌથી વધુ પ્રભાવિત રાજ્ય **ગુજરાત** હોવાનું કહેવાય છે.


## કોંગો ફીવર અંગે NCDCનો રિપોર્ટ

કોંગો ફીવર અંગે પ્રસિદ્ધ થયેલા દિલ્હી સ્થિત NCDC એટલે કે National Center for Disease દ્વારા પ્રસિદ્ધ થયેલા રિપોર્ટ અનુસાર વર્ષ 2011માં અમદાવાદ જિલ્લામાં કોંગોનો જે વાઈરસ મળ્યો હતો તે તાજિકિસ્તાનને મળતો આવતો હતો જેને એશિયા-2 ગ્રૂપ કહે છે.

- જ્યારે 2015 બાદ રાજસ્થાનમાં કોંગોના જે કેસ નોંધાયા હતા તેમાં એશિયા-1 ગ્રૂપના વાઈરસ મળી આવ્યા હતા કે જે પાકિસ્તાનમાં હોય છે.
- વર્ષ 2015 બાદ ભારતમાં પાકિસ્તાનમાં જોવા મળતા એશિયા-1 ગ્રૂપ ધરાવતા જીનોટાઈપ વાઈરસ જ લોકોને રોગગ્રસ્ત બનાવી રહ્યા છે.
- આ વાઈરસ પાકિસ્તાનના સિંધ પ્રદેશમાંથી ગુજરાતના કચ્છમાં અને કચ્છમાંથી સૌરાષ્ટ્ર સહિત ગુજરાતના અન્ય વિસ્તારોમાં ફેલાય છે.

## ➢ વર્ષ 2019માં સપ્ટેમ્બર માસ દરમિયાન 'રાષ્ટ્રીય પોષણ માસ'ની ઉજવણી

ભારતમાં મહિલાઓ તથા બાળકોમાં કુપોષણની સમસ્યાના નિવારણ માટે 8 માર્ચ, 2018ના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજસ્થાનના ઝુનઝુનુ ખાતેથી રાષ્ટ્રીય પોષણ મિશન (અથવા તો National Nutrition Misson-NNM)નો શુભારંભ કરાવ્યો હતો.




- આ મિશનને POSHAN અભિયાન તરીકે પણ ઓળખવામાં આવે છે.
- જેમાં POSHAN અભિયાનનું પૂરું નામ Prime Minister's Overarching Scheme for Holistic Nourishment અભિયાન છે.
- આ અભિયાનનું સ્લોગન 'સહી પોષણ - દેશ રોશન' છે.
- આ અભિયાન અંતર્ગત ભારતમાંથી કુપોષણના ઉન્મુલન માટે વર્ષ 2022 સુધીમાં કેટલાક વિશિષ્ટ લક્ષ્યો નિયત કરવામાં આવ્યા છે.

## રાષ્ટ્રીય પોષણ માસ

- ભારતમાં પોષણ અભિયાનને વેગ આપવા માટે દર વર્ષે સપ્ટેમ્બર મહિનાને 'રાષ્ટ્રીય પોષણ માસ' તરીકે ઉજવવાનું 24 જુલાઈ 2018ના રોજ નક્કી થયું હતું.
- આ અંતર્ગત ભારતમાં સૌપ્રથમ વર્ષ 2018માં સપ્ટેમ્બર માસની 'રાષ્ટ્રીય પોષણ માસ' તરીકે ઉજવણી કરવામાં આવી હતી.
- અને હવે વર્ષ 2018 બાદ 2019માં પણ સપ્ટેમ્બર માસ 'રાષ્ટ્રીય પોષણ માસ' તરીકે સમગ્ર દેશમાં ઉજવવામાં આવી રહ્યો છે.

**નોંધ :** વર્ષ 2019ની 'રાષ્ટ્રીય પોષણ માસ'ની થીમ 'Complimentary Feeding'(પૂરક ખોરાક) છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# પોષણ અંગેની ગુજરાત તથા કેન્દ્ર સરકારની કેટલીક યોજનાઓ



## સંકલિત બાળ વિકાસ યોજના :

આ યોજના અંતર્ગત આંગણવાડી કેન્દ્ર મારફતે ગુજરાતના 60 લાખથી વધુ લાભાર્થીઓને **પોષણ, આરોગ્ય તથા પૂર્વ પ્રાથમિક શિક્ષણલક્ષી સેવાનો લાભ** મળી રહયો છે.

## પૂર્ણા યોજના :

આ યોજના ગુજરાત સરકારની એક વિશિષ્ટ યોજના છે. **15 થી 18 વર્ષની કિશોરીઓ**માં **કુપોષણ દૂર કરવા** તથા **એનેમિયાની સ્થિતિના નિયંત્રણ** માટે આ યોજના શરૂ કરવામાં આવી છે.

## સત્વ :

સાત્વિક આહાર થકી સગર્ભા મહિલાઓ, ધાત્રી માતાઓ, કિશોરીઓને પોષણ આપવા માટે ગુજરાત સરકાર દ્વારા આ યોજના બનાવવામાં આવી છે. આ યોજના અંતર્ગત **આયર્ન અને આયોડીનયુક્ત ડબલ ફોર્ટીફાઈડ મીઠું, ફોર્ટીફાઈડ લોટનું** વિતરણ કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ટેક હોમ રાશન (THR) :

બાળકો અને મહિલાઓને પોષણ મળી રહે તે માટે આ યોજના અંતર્ગત આંગણવાડીમાં ન આવતાં હોય તેવા 6 માસથી 3 વર્ષ સુધીનાં બાળકો, સગર્ભા, ધાત્રી માતાઓ તથા કિશોરીઓ ઘરે લઈ જઈ શકે તે માટે આહાર ટેક હોમ રાશન (T.H.R.) આંગણવાડી કેન્દ્ર સુધી પહોંચાડવામાં આવશે. આ **ગુણવત્તાસભર** તથા **સૂક્ષ્મ પોષક તત્વોસભર ટેક હોમ રાશન** બાળકોના મનપસંદ સ્વાદમાં તૈયાર કરવામાં આવશે.

## દૂધ સંજીવની યોજના :

આ યોજના અંતર્ગત ગુજરાત સરકાર દ્વારા **આદિજાતિ મહિલા** તેમજ **બાળકો**ને કુપોષણમાંથી મુક્ત કરવા માટે **પેશ્ચુરાઈઝ્ડ ફ્લેવર્ડ ફોર્ટીફાઈડ દૂધ** આપવામાં આવે છે.

**નોંધ :** પૂર્ણા યોજનામાં PURNAનું પૂરું નામ 'Prevention of Under-Nutrition and Reduction Of Nutritional Anaemia among Adolescents' છે.

## ➤ અમદાવાદના સંસ્કારધામ ખાતે સ્પોર્ટ્સ એકેડમીનું ઉદ્‌ઘાટન

તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી** અને કેન્દ્રીય રમતગમત મંત્રી **શ્રી કિરણ રિજ્જુએ** **અમદાવાદ**ના **બોપલ** ખાતે **સંસ્કારધામ સ્પોર્ટ્સ એકેડમી**નું ઉદ્‌ઘાટન કર્યું છે.

- ખેલાડીઓને શ્રેષ્ઠ તાલીમ મળી રહે તે માટે આ એકેડમી દ્વારા ભારતના પ્રસિદ્ધ ખેલાડીઓની એકેડમી સાથે વિવિધ **ચાર રમતો** માટે **MOU** પણ કરવામાં આવ્યા છે. જે આ પ્રમાણે છે :

**સ્પોર્ટ્સ એકેડમીના વિવિધ એકેડમી સાથે MOU**

| ક્રમ | રમત | એકેડમી | ઓનર |
|---|---|---|---|
| 1. | શૂટિંગ | ધ ગન ફોર ગ્લોરી | શ્રી ગગન નારંગ |
| 2. | બેડમિન્ટન | ગોપીચંદ એકેડમી ફોર બેડમિન્ટન | શ્રી પુલેલા ગોપીચંદ |
| 3. | ચેસ | ચેસ એકેડમી | શ્રી અભિજીત કુન્તે |
| 4. | ટેબલ ટેનિસ | અનલિમિટેડ ટેબલ ટેનિસ | શ્રી કમલેશ મહેતા |




ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

1. તાજેતરમાં ચર્ચામાં રહેલ કોંગો ફીવરનું પૂરું નામ શું છે ?
   (A) Crimean Congo Hemorrhagic Fever(CCHF)
   (B) Canian Congo Hemorrhagic Fever(CCHF)
   (C) Caribbean Congo Hemorrhagic Fever(CCHF)
   (D) Canadian Congo Hemorrhagic Fever(CCHF) **(A)**

2. કોંગો વાઈરસ શેના દ્વારા ફેલાય છે ?
   (A) ઉંદર (B) મચ્છર (C) માખી (D) ઈતરડી **(D)**

3. પશુઓની ચામડી સાથે ચોંટી રહેતા કયા પરજીવી કોંગો ફીવરના વાહક હોવાનું કહેવાય છે ?
   (A) હેનીલ (B) હિમોરલ (C) રોબીનલ (D) હરમલ **(B)**

4. કોંગો ફીવરના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
   1. તે વાઈરસથી થતો એક ચેપી રોગ છે.
   2. ગાય, ભેંસ, ઘેટા, બકરી વગેરે પશુઓમાંથી આ રોગ મનુષ્યોમાં ફેલાય છે.
   3. Ribavirin નામની દવાથી તેમાં રાહત થાય છે.
   (A) 1, 2, 3 (B) 1, 2 (C) 2, 3 (D) 1, 3 **(A)**

5. તાજેતરમાં વર્ષ 2019માં ભારતમાં કયા માસની 'રાષ્ટ્રીય પોષણ માસ' તરીકે ઉજવણી કરવામાં આવી છે ?
   (A) ઓગસ્ટ (B) સપ્ટેમ્બર (C) જૂન (D) જૂલાઈ **(B)**

6. વર્ષ 2019ની 'રાષ્ટ્રીય પોષણ માસ'ની થીમ શું છે ?
   (A) Complimentary Feeding (B) Nutrition Feeding
   (C) Nutro Feeding (D) Nutriment Feeding **(A)**

7. 'પોષણ અભિયાન'નું પૂરું નામ શું છે ?
   (A) Prime Minister's Overarching Scheme for Holistic Nourishment Abhiyaan
   (B) Prime Minister's Overarching Scheme for Holistic Nutro Abhiyaan
   (C) Prime Minister's Overarching Scheme for Holistic Nutrition Abhiyaan
   (D) Prime Minister's Overarching Scheme for Holistic Nutriment Abhiyaan **(A)**

8. ગુજરાત સરકાર દ્વારા 15 થી 18 વર્ષની કિશોરીઓમાં કુપોષણ દૂર કરવા તથા એનેમિયાની સ્થિતિના નિયંત્રણ માટે કઈ યોજના લોન્ચ કરવામાં આવી છે ?
   (A) સત્ત્વ (B) ટેક હોમ રાશન (C) પૂર્ણા (D) દૂધ સંજીવની **(C)**

9. ગુજરાત સરકાર દ્વારા કુપોષણની સમસ્યાના નિવારણ માટે કઈ યોજના અંતર્ગત આયર્ન અને આયોડીન યુક્ત ડબલ ફોર્ટીફાઈડ મીઠું તેમજ ફોર્ટીફાઈડ લોટનું વિતરણ કરવામાં આવે છે ?
   (A) પૂર્ણા (B) સત્ત્વ
   (C) ટેક હોમ રાશન (THM) (D) સંકલિત બાળવિકાસ યોજના **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

10. ગુજરાત સરકાર દ્વારા કઈ યોજના અંતર્ગત આદિજાતિ મહિલા તેમજ બાળકોને ફ્લેવર્ડ યુક્ત ફોર્ટીફાઈડ દૂધ આપવામાં આવે છે ?
(A) માતૃત્વ વંદના (B) સંકલિત બાળ વિકાસ યોજના
(C) દૂધ અમૃત (D) દૂધ સંજીવની **(D)**

11. ગુજરાત સરકારની પૂર્ણા યોજનાનો મુખ્ય હેતુ શું છે ?
(A) આદિજાતિ મહિલાઓ તથા બાળકોને કુપોષણમાંથી મુક્તિ
(B) શ્રમિકોને રૂા. 10માં બપોરનું ભોજન ઉપલબ્ધ કરાવવું
(C) 15 થી 18 વર્ષની કિશોરીઓમાં કુપોષણ દૂર કરવું
(D) 15 થી 18 વર્ષની કિશોરીઓમાં કુપોષણ દૂર કરવું તથા એનેમિયાની સ્થિતિનું નિયંત્રણ કરવું. **(D)**

12. ગુજરાત સરકારની 'પૂર્ણા યોજના'માં PURNAનું પૂરું નામ શું છે ?
(A) Prevention of Under Nutrition and Reduction of Nutritional Anaemia among Adolesents
(B) Protection of Under Nutrition and Reduction of Nutritional Anaemia among Adolesents
(C) Preparedness of Under Nutrition and Reduction of Nutritional Anaemia among Adolesents
(D) Protect to Under Nutrition and Reduction of Nutritional Anaemia among Adolesents **(A)**

13. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તથા કેન્દ્રીય રમતગમત મંત્રી શ્રી કિરણ રિજ્જુએ તાજેતરમાં ગુજરાતના કયા શહેરમાં સંસ્કારધામ સ્પોર્ટ્સ એકેડમીનું ઉદ્‌ઘાટન કર્યું છે ?
(A) ગાંધીનગર (B) અમદાવાદ (C) વડોદરા (D) સુરત **(B)**

14. ખેલાડીઓને તાલીમ આપવા માટે તાજેતરમાં ગુજરાતની કઈ એકેડમીએ શ્રી પુલેલા ગોપીચંદ તથા શ્રી ગગન નારંગ સાથે MOU કર્યા છે ?
(A) ગુજરાત સ્પોર્ટ્સ એકેડમી (B) સરદાર પટેલ સ્પોર્ટ્સ એકેડમી
(C) સંસ્કારધામ સ્પોર્ટ્સ એકેડમી (D) વિવેકાનંદ સ્પોર્ટ્સ એકેડમી **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 12 SEPTEMBER, 2019 THURSDAY

### ➤ ગુજરાત સરકારની 'પાલક માતા-પિતા યોજના' શું છે ?

ગુજરાતમાં <u>નિરાધાર બાળકો</u>ના ઉછેરમાં સહાયતા થાય તે માટે ગુજરાત સરકાર દ્વારા આ યોજના શરૂ કરવામાં આવી છે.

- આ યોજના અંતર્ગત <u>જે બાળકોનાં માતા-પિતા મરણ પામેલા હોય</u> અથવા <u>બાળકના પિતાનું મૃત્યુ થયું હોય અને માતાએ પુનઃલગ્ન કરેલ હોય</u> તેવા કિસ્સામાં તેમના બાળકનો ઉછેર કરતા <u>પાલક માતા-પિતાને</u> સહાય આપવામાં આવે છે.
- જેમાં દરેક બાળક દીઠ <u>માસિક રૂ. 3000</u> સહાય ચૂકવવામાં આવે છે.
- આ યોજના અંતર્ગત <u>0 થી 18 વર્ષ</u>ની વય જૂથના <u>શાળામાં અભ્યાસ કરતા</u> નિરાધાર બાળકોના ઉછેર માટે આ સહાય આપવામાં આવે છે.

## ➤ ભારત-નેપાળ વચ્ચે દક્ષિણ એશિયાની પ્રથમ ક્રોસ બોર્ડર પાઈપલાઈનનું લોકાર્પણ

10 સપ્ટેમ્બર, 2019ના રોજ ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ** **નવી દિલ્હી** ખાતેથી જ્યારે **નેપાળ**ના વડાપ્રધાન **શ્રી કે.પી. શર્મા ઓલી**એ **કાઠમંડુ**થી વીડિયો કોન્ફરન્સ દ્વારા **ભારત-નેપાળ** વચ્ચે **પેટ્રો પાઈપલાઈન**નું લોકાર્પણ કર્યું છે.



- પેટ્રોલ, ડીઝલ, કેરોસીન જેવી પેટ્રોલિયમ પેદાશો પાઈપલાઈન દ્વારા ભારતમાંથી **નેપાળ** સુધી પહોંચાડવા માટે આ પેટ્રો પાઈપલાઈન શરૂ કરવામાં આવી છે.
- **ભારત અને નેપાળ** વચ્ચે નાંખવામાં આવેલી આ પેટ્રો પાઈપલાઈન **દક્ષિણ એશિયાની પ્રથમ ક્રોસ બોર્ડર પેટ્રોલિયમ પ્રોડક્ટ પાઈપલાઈન** છે.
- **મોતિહારી-અમલેખગંજ** પાઈપલાઈન તરીકે ઓળખાતી આ **69 કિમી** લાંબી પાઈપલાઈન ભારતમાં **બિહાર**ના **ઈસ્ટ(અથવા તો પૂર્વ) ચંપારણ** જિલ્લાના **મોતિહારી**થી **નેપાળ**ના **અમલેખગંજ** વચ્ચે આવેલી છે.
- આ યોજના માટે ભારત-નેપાળ વચ્ચે **2015**માં MOU થયા હતા.
- આ પાઈપલાઈનની મદદથી નેપાળની ઉર્જાની માંગને પહોંચીવળવામાં મદદ થશે અને ઈંધણના પરિવહનનું ખર્ચ પણ ઘટશે.
- આ પાઈપલાઈનની વાર્ષિક ક્ષમતા **બે મિલિયન મેટ્રિક ટન** છે.
- **ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOC)** દ્વારા રૂ. 324 કરોડના ખર્ચે તેનું નિર્માણ કરવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ ગુજરાત સરકાર દ્વારા નવા ટ્રાફિક નિયમોના દંડની રકમમાં રાહત

ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં 1 સપ્ટેમ્બર, 2019થી ટ્રાફિકના નવા નિયમો જાહેર કરવામાં આવ્યા હતા.



- જેમાં કડક અને આકરા દંડની જોગવાઈ કરવામાં આવી હતી.
- આથી, ભારતના અનેક રાજ્યોમાં આ નિયમોનો વિરોધ થયો હતો.
- આ સ્થિતિમાં ગુજરાત સરકારે આકરા દંડની રકમમાં રાહત આપીને નવી માંડવાળ ફીની જાહેરાત કરી છે. આવી જાહેરાત કરનાર **ગુજરાત** પ્રથમ રાજ્ય છે.
- ગુજરાતમાં ટ્રાફિકના આ નવા નિયમોનો અમલ **16 સપ્ટેમ્બર, 2019**થી થશે.
- ગુજરાત સરકારે જાહેર કરેલી ટ્રાફિકને લગતા મુખ્ય ગુનાઓની નવી ફી અથવા તો નવી માંડવાળ ફી આ પ્રમાણે છે :

**ગુજરાત સરકારે જાહેર કરેલી નવી ફી**

| ક્રમ | ગુનાનો પ્રકાર | નવી માંડવાળ ફી | |
|---|---|---|---|
| | | પ્રથમ વખત | બીજી વખત |
| 1. | લાઈસન્સ, વીમો, પીયુસી, આર.સી.બુક વગેરે દસ્તાવેજો સાથે ન હોવા, PUC કઢાવેલ ન હોવું,<br>**નોંધ :**<br>(1) ડીજી-લોકરમાંના દસ્તાવેજો માન્ય ગણાશે<br>(2) દસ્તાવેજો સાથે ન હોય તો 15 દિવસમાં દસ્તાવેજ રજૂ કરી શકાશે. | રૂ. 500 | રૂ. 1000 |

| | | | |
|---|---|---|---|
| 2. | અડચણરૂપ પાર્કિંગ | રૂ. 500 | રૂ. 1000 |
| 3. | કાચ પર ડાર્ક ફિલ્મ હોવી | રૂ. 500 | રૂ. 1000 |
| 4. | ચાલુ વાહને મોબાઈલનો ઉપયોગ | રૂ .500 | રૂ. 1000 |
| 5. | હેલ્મેટ ન પહેરવું | રૂ. 500 | - |
| 6. | સીટ બેલ્ટ ન બાંધવો<br>(માત્ર ફ્રન્ટ સીટ અને ડ્રાઈવર સીટ પુરતું) | રૂ. 500 | - |
| 7. | મોટર સાઈકલમાં ટ્રિપલ સવારી | રૂ .100 | - |
| 8. | ભયજનક રીતે વાહન ચલાવવું<br>(રોંગ સાઈડ ડ્રાઈવિંગ સહિત) | ટુ વ્હીલર અને<br>થ્રી વ્હીલર રૂ. 1500<br>એલ.એમ.વી- રૂ. 3000<br>અન્ય રૂ. 5000 | - |
| 9. | ઓવર સ્પીડીંગ | ટુ અને થ્રી વ્હીલર<br>રૂ. 1500<br>ટ્રેક્ટર રૂ. 1500<br>એલ.એમ.વી- રૂ. 2000<br>અન્ય રૂ. 4000 | ટુ અને થ્રી વ્હીલર<br>રૂ. 2000<br>ટ્રેક્ટર રૂ. 2000<br>એલ.એમ.વી-<br>રૂ. 3000<br>અન્ય વાહનો માટે છ<br>માસ માટે લાયસન્સ<br>રદ થશે |
| 10. | ડ્રાઈવિંગ લાઈસન્સ વગર વાહન ચલાવવું | ટુ વ્હીલર રૂ. 2000<br>થ્રી વ્હીલર અને<br>ફોર વ્હીલર કે તેથી<br>ઉપર રૂ. 3000 | - |
| 11. | રજીસ્ટ્રેશન વગર વાહન ચલાવવું | ટુ વ્હીલર રૂ. 1000<br>થ્રી વ્હીલર રૂ. 2000<br>ફોર વ્હીલર રૂ. 3000<br>અન્ય રૂ. 5000 | - |
| 12. | અવાજનું પ્રદૂષણ કરી વાહન ચલાવવું | રૂ. 1000 | - |
| 13. | જાહેર જગ્યામાં રેસ કરવી કે સ્પીડની ટ્રાયલ લેવી | રૂ. 5000 | રૂ. 10,000 |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

| | | | |
|---|---|---|---|
| 14. | એમ્બ્યુલન્સ અથવા ફાયર ફાયટીંગ વ્હીકલ કે એવા કોઈ ઈમરજન્સી ડયુટી વાહનને સાઈડ ન આપે તો | રૂ. 1000 | - |
| 15. | ફીટનેશ વગર વાહન ચલાવવું | થ્રી વ્હીલર રૂ. 500<br>ફોર વ્હીલર અને તેની ઉપર રૂ. 5000 | - |
| 16. | થર્ડપાર્ટી વીમા વગર વાહન ચલાવવું | રૂ. 2000 | રૂ. 4000 |
| 17. | પ્રદૂષણયુક્ત વાહન ચલાવવું | ટુ વ્હીલર તથા<br>એલ.એમ.વી- રૂ. 1000<br>અન્ય રૂ. 3000 | - |
| 18. | ખેતીવિષયક માલ કે ઘરવખરી લઈ જવાતાં હોય અને તે માલ વાહનની બહાર નીકળે તો | રીજીડ ચેસીસ વાહન માટે રૂ. 1000<br>ટ્રેઈલર રૂ. 4000 | - |

**નોંધ :**

(1) ઉપરોકત ગુનાઓમાંથી ક્રમ 1થી 14 માટેના ગુનાઓ તથા દંડ વસૂલવાની સત્તા પોલીસ હેડ કોન્સ્ટેબલ તથા આસિસ્ટન્ટ મોટર વાહન ઈન્સ્પેક્ટર કે તેમનાથી ઉપરના અધિકારીને રહેશે.

(2) જ્યારે ક્રમ 15થી 18 માટેની સત્તા આસિસ્ટન્ટ મોટર વાહન ઈન્સ્પેક્ટર કે તેમનાથી ઉપરના અધિકારીને રહેશે.

(3) સરકારે નિયત કરેલા દસ્તાવેજો મોબાઈલમાં ડીજી-લોકરમાં હશે તો તે માન્ય ગણાશે. પરંતુ મોબાઈલમાં ફોટા પાડેલા દસ્તાવેજો માન્ય ગણાશે નહિ. દસ્તાવેજો સાથે ન હોય તો 15 દિવસમાં રજૂ કરી શકાશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

1. ગુજરાત સરકારની 'પાલક માતા-પિતા યોજના' અંતર્ગત દરેક બાળક દીઠ માસિક કેટલી સહાય આપવામાં આવે છે ?
(A) રૂ. 1500 (B) રૂ. 2000 (C) રૂ. 3000 (D) રૂ. 4000 **(C)**

2. ગુજરાત સરકારની 'પાલક માતા-પિતા યોજના' અંતર્ગત કેટલી વય જૂથના શાળામાં અભ્યાસ કરતા નિરાધાર બાળકોના ઉછેર માટે સહાય આપવામાં આવે છે ?
(A) 0 થી 10 (B) 0 થી 12 (C) 0 થી 15 (D) 0 થી 18 **(D)**

3. તાજેતરમાં કયા બે દેશ વચ્ચે દક્ષિણ એશિયાની પ્રથમ ક્રોસ બોર્ડર પેટ્રોલિયમ પ્રોડકટ પાઈપલાઈનનો પ્રારંભ થયો છે ?
(A) ચીન-પાકિસ્તાન (B) ચીન-નેપાળ (C) ભારત-નેપાળ (D) ભારત-ભૂટાન **(C)**

4. તાજેતરમાં ભારત અને નેપાળના કયા બે સ્થળો વચ્ચે દક્ષિણ એશિયાની પ્રથમ ક્રોસ બોર્ડર પેટ્રોલિયમ પ્રોડકટ પાઈપલાઈનનો પ્રારંભ થયો છે ?
(A) બેગુસરાય-અમલેખગંજ (B) મોતિહારી-અમલેખગંજ
(C) મધુબની-અમલેખગંજ (D) દરભંગા-અમલેખગંજ **(B)**

5. તાજેતરમાં બિહારના કયા જિલ્લાના મોતિહારીથી નેપાળના અમલેખગંજ વચ્ચે પેટ્રોલિયમ પાઈપલાઈનનો પ્રારંભ થયો છે ?
(A) બેગુસરાય (B) લખીસરાય (C) પૂર્વ ચંપારણ (D) પશ્ચિમ ચંપારણ **(C)**

6. ગુજરાત સરકારે તાજેતરમાં જાહેર કરેલા નવા ટ્રાફિક નિયમ અનુસાર કોઈપણ વ્હીકલ સાથે નીચેનામાંથી કયા દસ્તાવેજ સાથે રાખવા ફરજિયાત છે ?
1. ડ્રાઈવિંગ લાઈસન્સ
2. વ્હીકલનો વીમો
3. આધારકાર્ડ અથવા ચૂંટણી કાર્ડ બેમાંથી ગમે તે એક
4. PUC
5. R.C. Book
6. પાનકાર્ડ
(A) 1, 2, 3, 4, 5, 6 (B) 1, 2, 3, 4, 5 (C) 1, 2, 4, 5 (D) 1, 2, 3, 4 **(C)**

7. ગુજરાત સરકારે તાજેતરમાં જાહેર કરેલા નવા ટ્રાફિક નિયમ અનુસાર કોઈપણ વ્હીકલ સાથે નીયત દસ્તાવેજો રાખવા જરૂરી છે... આ સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. દસ્તાવેજો સાથે ન હોય તો 15 દિવસમાં દસ્તાવેજ રજૂ કરી શકાશે.
2. મોબાઈલમાં દસ્તાવેજના ફોટા હશે તો તે માન્ય ગણાશે.
3. મોબાઈલમાં ડીજી-લોકરમાંના દસ્તાવેજો માન્ય ગણાશે.
4. સાથે દસ્તાવેજ ન હોય તો પ્રથમ વખત કોઈ જ દંડ નહિ થાય.
(A) 1, 2, 3, 4 (B) 1, 3, 4 (C) 1, 2, 3 (D) 1, 3 **(D)**

8. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલા ટ્રાફિકના નવા નિયમો અનુસાર પ્રથમ વખત નીચેનામાંથી કયા ગુના બદલ રૂ.500ના દંડની જોગવાઈ કરવામાં આવી નથી ?
1. લાઈસન્સ, વીમો, PUC, R.C. Book સાથે ન રાખવી
2. હેલ્મેટ ન પહેરવું
3. અડચણરૂપ પાર્કિંગ કરવું
4. મોટર સાઈકલમાં ટ્રિપલ સવારી
5. સીટ બેલ્ટ ન બાંધવો
6. ચાલુ વાહને મોબાઈલનો ઉપયોગ કરવો
7. કાચ પર ડાર્ક ફિલ્મ હોવી
(A) ફક્ત-3 (B) ફક્ત-4 (C) ફક્ત-7 (D) 3, 4 અને 7 **(B)**

9. ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલા ટ્રાફિકના નવા નિયમો અનુસાર મોટર સાઈકલમાં ટ્રિપલ સવારીમાં ફરવા બદલ કેટલા રૂપિયાના દંડની જોગવાઈ કરવામાં આવી છે ?
(A) 100 (B) 200 (C) 300 (D) 400 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**10.** ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલા ટ્રાફિકના નવા નિયમો અનુસાર બીજી વખત નીચેનામાંથી કયા ગુના બદલ રૂા.1000ના દંડની જોગવાઈ કરવામાં આવી છે ?

1. લાઈસન્સ, વીમો, PUC, R.C. Book સાથે ન રાખવી
2. અડચણરૂપ પાર્કિંગ
3. કાચ પર ડાર્ક ફિલ્મ હોવી
4. ચાલુ વાહને મોબાઈલનો ઉપયોગ કરવો

(A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 1, 4 (D) 1, 3, 4 **(A)**

**11.** ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલા ટ્રાફિકના નવા નિયમો અનુસાર ફોર વ્હીલરમાં કોણે સીટ બેલ્ટ બાંધવો ફરજિયાત છે ?

(A) ડ્રાઈવર (B) ડ્રાઈવર અને કંડકટર
(C) ડ્રાઈવર અને ફ્રન્ટ સીટમાં બેઠેલી વ્યકિતએ
(D) કારના સંદર્ભમાં ડ્રાઈવર સહિત વ્હીકલની તમામ વ્યકિતઓએ **(C)**

**12.** ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલા ટ્રાફિકના નવા નિયમો અનુસાર ડ્રાઈવિંગ લાઈસન્સ વગર વાહન ચલાવવા બદલ કયા દંડની જોગવાઈ કરવામાં આવી છે ?

(A) ટુ વ્હીલર રૂ. 500 થી વ્હીલર અને ફોર વ્હીલર કે તેનાથી ઉપર રૂ. 1000
(B) ટુ વ્હીલર રૂ. 1000 થી વ્હીલર અને ફોર વ્હીલર કે તેનાથી ઉપર રૂ. 2000
(C) ટુ વ્હીલર રૂ. 2000 થી વ્હીલર અને ફોર વ્હીલર કે તેનાથી ઉપર રૂ. 3000
(D) ટુ વ્હીલર રૂ. 2000 થી વ્હીલર અને ફોર વ્હીલર કે તેનાથી ઉપર રૂ. 5000 **(C)**

**13.** ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવેલા ટ્રાફિકના નવા નિયમો અનુસાર થર્ડ પાર્ટી વીમા વગર વાહન ચલાવવા બદલ કયા દંડની જોગવાઈ કરવામાં આવી છે ?

(A) પ્રથમ વખત રૂ. 500 બીજી વખત રૂ. 1000
(B) પ્રથમ વખત રૂ. 1000 બીજી વખત રૂ. 2000
(C) પ્રથમ વખત રૂ. 2000 બીજી વખત રૂ. 3000
(D) પ્રથમ વખત રૂ. 2000 બીજી વખત રૂ. 4000 **(D)**

**14.** તાજેતરમાં કેન્દ્ર સરકારે જાહેર કરેલા ટ્રાફિકના નિયમો અંગેના નવા એકટના અમલના સંદર્ભમાં નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?

(A) આ એકટનો સમાવેશ કેન્દ્ર યાદીમાં થતો હોવાથી બધા રાજ્યોએ તેનો અમલ કરવો ફરજિયાત છે.
(B) આ બાબતનો સમાવેશ રાજ્ય યાદીમાં થતો હોવાથી કેન્દ્ર સરકાર આ અંગે કાયદો ઘડી ન શકે.
(C) આ બાબતનો સમાવેશ સમવર્તી યાદીમાં થતો હોવાથી કેન્દ્ર સરકાર એ અંગે કાયદો ઘડી શકે છે... પરંતુ તેનો અમલ કરવો કે નહિ તેની સત્તા રાજ્ય સરકાર પાસે છે.
(D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 13 SEPTEMBER, 2019 FRIDAY

### ➤ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા મથુરાથી 'સ્વચ્છતા હી સેવા (SHS) 2019'નો શુભારંભ



11 સપ્ટેમ્બર, 2019ના રોજ વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉત્તરપ્રદેશ**ના **મથુરા** ખાતેથી સ્વચ્છતા અંગે એક વ્યાપક જાગૃતિ અભિયાન **'સ્વચ્છતા હી સેવા (SHS) 2019'**નો શુભારંભ કરાવ્યો છે.

- આ અભિયાન અંતર્ગત **'પ્લાસ્ટિક કચરા અંગે જાગૃતિ તથા તેના મેનેજમેન્ટ'** પર વિશેષ ભાર મૂકવામાં આવશે.
- ભારતમાં **11 સપ્ટેમ્બર થી 2 ઓક્ટોબર, 2019** સુધી આ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે.
- આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉત્તરપ્રદેશમાં પ્લાસ્ટિકનો કચરો અલગ કરી રહેલી મહિલાઓના એક ગ્રુપ સાથે પ્લાસ્ટિક અલગ કરવાના કાર્યમાં પણ ભાગ લીધો હતો.

**નોંધ :** (1) ભારતમાં **2 ઓક્ટોબર 2019**ને મહાત્મા ગાંધીજીની જન્મજયંતિથી **સિંગલ યુઝ પ્લાસ્ટિક** પર **પ્રતિબંધ** મૂકવામાં આવશે.

(2) સિંગલ યુઝ પ્લાસ્ટિક એટલે એવું ડિસ્પોઝેબલ પ્લાસ્ટિક કે જેને ફક્ત એક જ વખત ઉપયોગમાં લેવાય છે અને ત્યારબાદ તેને ફેંકી દેવામાં આવે છે અથવા તો તેને ફરીથી રિસાયકલ કરવું પડે છે.

(3) ભારતીય રેલવે દ્વારા **11 સપ્ટેમ્બર થી 2 ઓક્ટોબર, 2019** દરમિયાન **'સ્વચ્છતા હી સેવા પખવાડિયા'**ની ઉજવણી કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### ➤ DRDO દ્વારા MPATGM મિસાઈલનું સફળ પરીક્ષણ

11 સપ્ટેમ્બર, 2019ના રોજ **DRDO** દ્વારા ભારતમાં **Man Portable Antitank Guided Missile (MPATGM)નું** સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે.

- ભારતમાં **આંધ્રપ્રદેશ**ના **કુર્નૂલ** ખાતેથી આ મિસાઈલનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે.
- કોઈ માણસ પણ તેને ઉઠાવી શકે તેવી ઓછા વજનની આ એન્ટિ ટેન્ક મિસાઈલ ભારતમાં જ વિકસાવવામાં આવી છે.
- આ મિસાઈલ અતિઆધુનિક ઈન્ફ્રારેડ ઈમેજિંગ સીકરથી સજ્જ છે.
- આ મિસાઈલનું આ **ત્રીજું** પરીક્ષણ હતું.
- આ પરીક્ષણથી ભારતીય સેનાને હવે **ત્રીજી પેઢીની સ્વદેશી મેન પોર્ટેબલ એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલ** ઉપલબ્ધ કરાવી શકાશે.



## DRDO

DRDOનું પૂરું નામ 'Defence Research and Development Organisation' (સંરક્ષણ સંશોધન અને વિકાસ સંસ્થા) છે.

- તેની સ્થાપના 1958ના રોજ થઈ હતી.
- તેનું વડુંમથક નવી દિલ્હી ખાતે આવેલું છે.
- તેનો મોટો (ધ્યેય વાક્ય) 'બલસ્ય મૂલં વિજ્ઞાનમ્' છે.
- DRDOએ ભારતમાં સંરક્ષણ સંબંધિત સંશોધન માટેની એક અગ્રણી સંસ્થા છે.
- તે ભારતના સંરક્ષણ મંત્રાલયના એક અભિન્ન અંગ તરીકે કાર્ય કરે છે.

**નોંધ :** DRDOના વર્તમાન (13 સપ્ટેમ્બર, 2019ની સ્થિતિએ) અધ્યક્ષ શ્રી જી. સતીશ રેડ્ડી છે.

## ➢ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા 'રાષ્ટ્રીય પશુ રોગ નિયંત્રણ કાર્યક્રમ' અને 'રાષ્ટ્રીય કૃત્રિમ ગર્ભાધાન કાર્યક્રમ'નો પ્રારંભ

11 સપ્ટેમ્બર, 2019ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉત્તરપ્રદેશના મથુરા ખાતેથી 'રાષ્ટ્રીય પશુ રોગ નિયંત્રણ કાર્યક્રમ' (National Animal Disease Control Programme-NADCP)નો પ્રારંભ કરાવ્યો છે.

- ભારતમાં પશુઓમાં જોવા મળતા Foot & Mouth Disease (FMD) અને Brucellosisના નિયંત્રણ અને ઉન્મૂલન માટે આ કાર્યક્રમ લોન્ચ કરવામાં આવ્યો છે.
- આ બંને બીમારીઓમાં ઘટાડો કરવા માટે સમગ્ર દેશમાં 60 કરોડથી વધુ પશુઓને રસી આપવામાં આવશે.
- આ માટેનો તમામ ખર્ચ કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવશે. આ માટે કેન્દ્ર સરકારે રૂ. 12,652 કરોડની જોગવાઈ કરી છે.
- આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કૃત્રિમ ગર્ભાધાન અને ઉત્પાદકતા માટે 'રાષ્ટ્રીય કૃત્રિમ ગર્ભાધાન કાર્યક્રમ' (National Artificial Insemination Programme)નો પણ શુભારંભ કરાવ્યો હતો.



ICE Questions

1. 11 સપ્ટેમ્બર, 2019ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'સ્વચ્છતા હી સેવા 2019' અભિયાનનો ક્યાંથી પ્રારંભ કરાવ્યો છે ?

(A) વૃંદાવન (B) વારાણસી (C) મથુરા (D) અયોધ્યા **(C)**

2. ભારતમાં તાજેતરમાં લોન્ચ થયેલા 'સ્વચ્છતા હી સેવા 2019' અભિયાન અંતર્ગત શેના પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે ?

(A) રસ્તા પરના કચરા અંગે જાગૃતિ તથા તેના મેનેજમેન્ટ માટે
(B) શહેરી ગંદગી અંગે જાગૃતિ તથા તેના મેનેજમેન્ટ માટે
(C) પ્લાસ્ટિક કચરા અંગે જાગૃતિ તથા તેના મેનેજમેન્ટ માટે
(D) વિવિધ વિસ્તારોમાં કચરાના થતા ઢગલા અંગે જાગૃતિ તથા તેના મેનેજમેન્ટ માટે **(C)**

3. તાજેતરમાં ભારતીય રેલવે દ્વારા 11 સપ્ટેમ્બર થી 2 ઓક્ટોબર, 2019 દરમિયાન કયા પખવાડિયાની ઉજવણી કરવામાં આવી હતી ?

(A) સ્વચ્છતા હી સેવા (B) સ્વચ્છતા સે આરોગ્ય
(C) સ્વચ્છતા સે બેહતર કલ (D) ત્રણમાંથી કોઈ નહિ **(A)**

4. તાજેતરમાં ભારતે મેન પોર્ટેબલ એન્ટિટેન્ક ગાઈડેડ મિસાઈલનું ક્યાંથી સફળ પરીક્ષણ કર્યું છે ?

(A) શ્રી હરિકોટા, આંધ્રપ્રદેશ (B) ચાંદિપુર, ઓડિશા
(C) પોખરણ, રાજસ્થાન (D) કુર્નૂલ, આંધ્રપ્રદેશ **(D)**

5. તાજેતરમાં ભારતે આંધ્રપ્રદેશના કુર્નૂલ ખાતેથી કઈ પેઢીની સ્વદેશી મેન પોર્ટેબલ એન્ટિટેન્ક ગાઈડેડ મિસાઈલ (MPATGM)નું સફળ પરીક્ષણ કર્યું છે ?

(A) બીજી (B) ત્રીજી (C) ચોથી (D) પાંચમી **(B)**

6. 11 સપ્ટેમ્બર, 2019ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'રાષ્ટ્રીય પશુરોગ નિયંત્રણ કાર્યક્રમ' તથા 'રાષ્ટ્રીય ગર્ભાધાન કાર્યક્રમ'નો પ્રારંભ ક્યાંથી કરાવ્યો છે ?

(A) નવી દિલ્હી (B) ભોપાલ (C) મથુરા (D) દહેરાદૂન **(C)**

7. ભારતમાં પશુઓમાં જોવા મળતી કઈ બીમારીના નિયંત્રણ અને ઉન્મૂલન માટે 'રાષ્ટ્રીય પશુ રોગ નિયંત્રણ કાર્યક્રમ' લોન્ચ કરવામાં આવ્યો છે ?

(A) Foot & Mouth Disease (FMD) (B) Brucellosis
(C) A અને B બંને (D) ત્રણમાંથી કોઈ નહિ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**14 SEPTEMBER, 2019 SATURDAY**

## ➢ દિવસ મહિમા : 14 સપ્ટેમ્બર, હિન્દી દિવસ

ભારતમાં દર વર્ષે 14 સપ્ટેમ્બરના રોજ 'હિન્દી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.




- ભારતમાં 14 સપ્ટેમ્બર, 1949ના રોજ બંધારણ સભાએ સર્વાનુમતે એ નિર્ણય કર્યો હતો કે, હિન્દી જ ભારતની રાજભાષા હશે.
- આ નિર્ણયના મહત્ત્વને પ્રસ્તુત કરવા માટે તથા દરેક ક્ષેત્રમાં હિન્દીનો વ્યાપ વધારવા માટે 14 સપ્ટેમ્બરના રોજ હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ માટે રાષ્ટ્રીય ભાષા પ્રચાર સમિતિ, વર્ધાની વિનંતીથી વર્ષ 1953થી સમગ્ર ભારતમાં 14 સપ્ટેમ્બર 'હિન્દી દિવસ' તરીકે ઉજવાય છે.

**નોંધ :** (1) વર્ષ 1918માં યોજાયેલા હિન્દી સાહિત્ય સંમેલનમાં મહાત્મા ગાંધીજીએ હિન્દી ભાષાને ભારતની 'રાષ્ટ્રભાષા' બનાવવાનું જણાવ્યું હતું. તેમણે હિન્દીને 'જનમાનસ'ની ભાષા ગણાવી હતી.

(2) ભારતીય બંધારણના ભાગ 17ના અનુચ્છેદ 343 (1) અનુસાર – સંઘની રાજભાષા 'હિન્દી' અને લિપી 'દેવનાગરી' હશે.

(3) જોકે, ભારતમાં 'હિન્દી' ભાષાને રાજભાષાનો દરજ્જો અપાતા બિન–હિન્દી ભાષી રાજ્યના લોકોએ તેનો વિરોધ કર્યો હતો. આથી, ભારતમાં અંગ્રેજીને પણ 'રાજભાષા'નો દરજ્જો આપવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➢ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા 'વ્યાપારીઓ અને સ્વરોજગાર ધરાવતા વ્યક્તિઓ માટે રાષ્ટ્રીય પેન્શન યોજના' લોન્ચ

12 સપ્ટેમ્બર, 2019ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઝારખંડના રાંચી ખાતેથી વ્યાપારીઓ તથા પોતાનો સ્વરોજગાર ધરાવતા વ્યક્તિઓ માટે રાષ્ટ્રીય પેન્શન યોજના લોન્ચ કરી છે.



**આ યોજનાનો લાભ કોને મળશે ?**

ભારતમાં વાર્ષિક રૂ. 1.5 કરોડથી ઓછું ટર્નઓવર ધરાવતા નાના વ્યાપારીઓ, દુકાનદારો તથા સ્વરોજગાર ધરાવતા વ્યક્તિઓને આ યોજનાનો લાભ મળશે.

## આ યોજનાથી શું લાભ થશે ?

આ યોજનાથી લાભાર્થીને 60 વર્ષની ઉંમરથી **દર મહિને ઓછામાં ઓછું રૂ. 3000** પેન્શન આપવામાં આવશે.

- આ માટે લાભાર્થીએ તેમની કાર્યશીલ ઉંમર દરમિયાન **દર મહિને 55 થી 200 રૂપિયા** સુધીની રકમ જમા કરાવવી પડશે.
- જો કોઈ વ્યક્તિ 18 વર્ષની ઉંમરથી જ આ યોજનામાં જોડાય તો તેને દર મહિને ફક્ત **55 રૂપિયા** જ આપવાના રહેશે.
- અને જો કોઈ વ્યક્તિ 29 વર્ષની ઉંમરથી આ યોજનામાં જોડાય તો તેને દર મહિને રૂ. 100 અને 40 વર્ષની ઉંમરથી આ યોજનામાં જોડાય તો તેને દર મહિને રૂ. 200 ચૂકવવાના રહેશે.

### આ યોજનામાં લાભાર્થીએ ચૂકવવાની રકમ

| Entry Age | દર મહિને ચૂકવવાની રકમ (રૂપિયામાં) |
|---|---|
| 18 | 55 |
| 20 | 61 |
| 25 | 80 |
| 29 | 100 |
| 30 | 105 |
| 35 | 150 |
| 40 | 200 |

**નોંધ :** (1) 18 થી 40 વર્ષ સુધીની કોઈપણ ઉંમરનો લાભાર્થી આ યોજનામાં જોડાઈ શકે છે.

(2) લાભાર્થી દર મહિને જેટલી રકમ ચૂકવશે તેની સામે સરકાર પણ તેના પેન્શન ખાતામાં તેટલી રકમ જમા કરાવશે. એટલે કે લાભાર્થીના ફાળા જેટલો જ ફાળો ભારત સરકાર લાભાર્થીના પેન્શન ખાતામાં જમા કરાવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## આ યોજનાનો લાભ લેવા માટેની શરતો

આ યોજનાનો લાભ લેવા માટેની શરતો આ પ્રમાણે છે :

(1) લાભાર્થીની ઉંમર 40 વર્ષથી વધારે ન હોવી જોઈએ. 18થી 40 વર્ષ સુધીની ઉંમર ધરાવતા લાભાર્થીને જ આ યોજનાનો લાભ મળશે.

(2) લાભાર્થીને New Pension Scheme (NPS), Employees' state Insurance corporation (ESIC) Scheme, Employees' Provident Fund Oraganisation (EPFO) જેવી અન્ય પેન્શન યોજનાનો લાભ મળતો ન હોવો જોઈએ.

(3) લાભાર્થી પાસે સેવિંગ અથવા તો જનધન અકાઉન્ટ અને આધાર કાર્ડ હોવું જરૂરી છે.

(4) રૂ. 40 લાખથી વધુ ટર્નઓવર ધરાવનાર માટે GSTIN જરૂરી રહેશે.

**નોંધ :** વર્ષ 2019-20 સુધીમાં 25 લાખ તથા વર્ષ 2023-24 સુધીમાં 2 કરોડ લાભાર્થીઓને આ યોજનામાં સામેલ કરવાનું સરકારનું લક્ષ્ય છે.

## ➤ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા 'પ્રધાનમંત્રી કિસાન માન-ધન યોજના'નો શુભારંભ

12 સપ્ટેમ્બર, 2019ના રોજ ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી**એ **ઝારખંડ**ની રાજધાની **રાંચી** ખાતેથી **'પ્રધાનમંત્રી કિસાન માન-ધન યોજના'**નો શુભારંભ કરાવ્યો છે.

- ભારતમાં **કિસાનો** માટેની આ એક **બૃહદ પેન્શન યોજના** છે.

### આ યોજનાનો ઉદ્દેશ શું છે ?

પ્રધાનમંત્રી કિસાન માન–ધન યોજનાનો મુખ્ય ઉદ્દેશ ભારતમાં કિસાનોને **વૃદ્ધાવસ્થા દરમિયાન સામાજિક સુરક્ષા** ઉપલબ્ધ કરાવવાનો છે.

- આ યોજના અંતર્ગત ભારતમાં ઓછામાં ઓછા આશરે **5 કરોડ** જેટલા ખેડૂતોને આ યોજનાનો લાભ અપાવવાની સરકારની યોજના છે.

### આ યોજનાથી શું લાભ થશે ?

આ યોજનાથી લાભાર્થી ખેડૂતને **60 વર્ષ**ની ઉંમરથી **દર મહિને** ઓછામાં ઓછું **રૂ. 3000** પેન્શન આપવામાં આવશે.

- આ યોજના માટે સરકારને દર વર્ષે આશરે રૂ. 10,775 કરોડ જેટલો ખર્ચ થવાની સંભાવના છે.

### આ યોજનાનો લાભ લેવા માટે કેટલી રકમ ચૂકવવી પડશે ?

**18 થી 40 વર્ષ** સુધીની ઉંમર ધરાવતા **ખેડૂતો** આ યોજનાનો લાભ લઈ શકશે.

- આ માટે ખેડૂતે દર મહિને કેટલીક નિશ્ચિત રકમ પોતાના પેન્શન ખાતામાં જમા કરાવવાની રહેશે.
- લાભાર્થી દર મહિને જેટલી રકમ ચૂકવશે તેની સામે સરકાર પણ તેના પેન્શન ખાતામાં તેટલી રકમ જમા કરાવશે.
- આ માટે ખેડૂતોએ તેમની ઉંમર પ્રમાણે તેમના પેન્શન ખાતામાં દર મહિને નીચે પ્રમાણેની રકમ ચૂકવવી પડશે :
- આ માટે લાભાર્થી ખેડૂતે તેમની કાર્યશીલ ઉંમર દરમિયાન **દર મહિને 55 થી 200 રૂપિયા** સુધીની રકમ જમા કરાવવી પડશે.
- જો કોઈ ખેડૂત **18 વર્ષ**ની ઉંમરથી જ આ યોજનામાં જોડાય તો તેમણે દર મહિને ફક્ત **55 રૂપિયા** જ આપવાના રહેશે.
- અને જો કોઈ ખેડૂત **29 વર્ષ**ની ઉંમરથી આ યોજનામાં જોડાય તો તેમણે દર મહિને **રૂ. 100** અને **40 વર્ષની** ઉંમરથી આ યોજનામાં જોડાય તો તેમણે દર મહિને **રૂ. 200** ચૂકવવાના રહેશે.



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**આ યોજનામાં લાભાર્થીએ ચૂકવવાની રકમ**

| Entry Age | દર મહિને ચૂકવવાની રકમ (રૂપિયામાં) |
|---|---|
| 18 | 55 |
| 20 | 61 |
| 25 | 80 |
| 29 | 100 |
| 30 | 105 |
| 35 | 150 |
| 40 | 200 |

**નોંધ :** આ યોજના માટે ફંડ મેનેજર LIC ઓફ ઈન્ડિયા રહેશે.

## ➤ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ઝારખંડની નવી વિધાનસભાનું ઉદ્‌ઘાટન



12 સપ્ટેમ્બર, 2019ના રોજ ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ** ઝારખંડના રાંચી ખાતેથી **ઝારખંડની વિધાનસભાના નવા ભવનનું** ઉદ્‌ઘાટન કર્યું છે.

- **રાંચીના કુટેગ્રામ** ખાતે આવેલી ત્રણ માળની આ ઈમારત રૂ. 465 કરોડના ખર્ચે નિર્માણ પામી છે.
- આ વિધાનસભા ભવનને **ભારતનું પ્રથમ પેપરલેસ વિધાનસભા ભવન** કહેવામાં આવે છે.
- 12 જૂન, 2015ના રોજ ઝારખંડના મુખ્યમંત્રી **શ્રી રઘુબર દાસે** આ વિધાનસભા ભવનનો શિલાન્યાસ કર્યો હતો.

**નોંધ :** (1) ઝારખંડ વિધાનસભામાં 81 + 1 = કુલ 82 સભ્યો છે.

(2) જેમાંથી 81 સભ્યોની ચૂંટણી કરવામાં આવે છે. જ્યારે 1 સભ્યની નિમણૂક કરવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

### 462 એકલવ્ય આદર્શ વિદ્યાલય લોન્ચ

12 સપ્ટેમ્બર, 2019ના રોજ ભારતના વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઝારખંડના રાંચી** ખાતેથી **462 એકલવ્ય આદર્શ આવાસીય વિદ્યાલય (Eklavya Model Residential School)**નો ઈ-શિલાન્યાસ કરાવ્યો છે.

- સમગ્ર દેશમાં **આદિવાસી બહુમતી** ધરાવતા વિસ્તારોમાં આ સ્કૂલો ખોલવામાં આવશે.
- જેમાં **ઝારખંડ**ના 13 જિલ્લાઓમાં આવી 69 સ્કૂલો શરૂ કરવામાં આવશે.
- જેમાં **ધોરણ 6થી 12** સુધી અભ્યાસ કરી શકાશે.
- આ સ્કૂલમાં બાળક દીઠ વાર્ષિક **રૂ. 1 લાખ**નો ખર્ચ કરવામાં આવશે.

### સાહિબગંજ મલ્ટિ મોડલ પરિવહન ટર્મિનલનું ઉદ્‌ઘાટન

12 સપ્ટેમ્બર, 2019ના રોજ વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઝારખંડ**માં **સાહિબગંજ મલ્ટિ મોડલ ટર્મિનલ**નું પણ ઉદ્‌ઘાટન કર્યું હતું.

- જે **વારાણસી** બાદ ભારતનું ઈનલેન્ડ વોટર વે પરનું **બીજું મલ્ટિ મોડલ ટર્મિનલ** છે.
- **ઝારખંડ**માં **સાહિબગંજ** ખાતે **ગંગા નદી** પર આ મલ્ટિ મોડલ ટર્મિનલ બાંધવામાં આવ્યું છે.
- સાહિબગંજ ખાતે આવેલા આ ટર્મિનલનું નિર્માણ **Inland Waterways Authority of India** દ્વારા કરવામાં આવ્યું છે.

ICE ? Questions

1. ભારતમાં કયો દિવસ 'હિન્દી દિવસ' તરીકે ઉજવાય છે ?
(A) 10 સપ્ટેમ્બર (B) 11 સપ્ટેમ્બર (C) 12 સપ્ટેમ્બર (D) 14 સપ્ટેમ્બર (D)

2. ભારતમાં બંધારણ સભા દ્વારા હિન્દીને 'રાજભાષા'નો દરજ્જો ક્યારે આપવામાં આવ્યો હતો ?
(A) 14 સપ્ટેમ્બર, 1947 (B) 14 સપ્ટેમ્બર, 1948 (C) 14 સપ્ટેમ્બર, 1949 (D) 14 સપ્ટેમ્બર, 1950 (C)

3. ભારતમાં કઈ ભાષાને 'રાજભાષા'નો દરજ્જો આપવામાં આવ્યો છે ?
(A) હિન્દી (B) અંગ્રેજી (C) હિન્દી, બંગાળી, ભોજપુરી (D) A અને B બંને (D)

4. 12 સપ્ટેમ્બર, 2019ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વ્યાપારીઓ અને સ્વરોજગાર ધરાવતા વ્યકિતઓ માટે ક્યાંથી રાષ્ટ્રીય પેન્શન યોજના લોન્ચ કરી છે ?
(A) નવી દિલ્હી (B) રાંચી (C) ભોપાલ (D) પટના (B)

5. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લોન્ચ કરેલી રાષ્ટ્રીય પેન્શન યોજના અંતર્ગત વાર્ષિક કેટલા રૂપિયાથી ઓછું ટર્નઓવર ધરાવતા વેપારીઓને આ યોજનાનો લાભ મળશે ?
(A) રૂ. 3 કરોડ (B) રૂ. 2.5 કરોડ (C) રૂ. 2 કરોડ (D) રૂ. 1.5 કરોડ (D)

6. નાના વ્યાપારીઓ અને સ્વરોજગાર ધરાવતા વ્યકિતઓ માટે તાજેતરમાં લોન્ચ થયેલી રાષ્ટ્રીય પેન્શન યોજના અંતર્ગત લાભાર્થીને 60 વર્ષની ઉંમરથી દર મહિને ઓછામાં ઓછું કેટલું નિશ્ચિત પેન્શન મળશે ?
(A) રૂ. 10,000 (B) રૂ. 3000 (C) રૂ. 4000 (D) રૂ. 5000 (B)

7. 12 સપ્ટેમ્બર, 2019ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કિસાનો માટેની કઈ પેન્શન યોજનાનો પ્રારંભ કરાવ્યો છે ?
(A) પ્રધાનમંત્રી કિસાન પેન્શન યોજના (B) પ્રધાનમંત્રી કિસાન સમૃદ્ધિ યોજના
(C) પ્રધાનમંત્રી કિસાન માન-ધન યોજના (D) પ્રધાનમંત્રી કિસાન સુરક્ષા યોજના (C)

8. 12 સપ્ટેમ્બર, 2019ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'પ્રધાનમંત્રી કિસાન માન–ધન યોજના'નો ક્યાંથી શુભારંભ કરાવ્યો છે ?
(A) નવી દિલ્હી (B) મુંબઈ (C) રાયપુર (D) રાંચી (D)

9. 'પ્રધાનમંત્રી કિસાન માન–ધન યોજના'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. 18થી 40 વર્ષની ઉંમરના કિસાનો આ યોજનાનો લાભ લઈ શકશે.
2. આ યોજના અંતર્ગત લાભાર્થી કિસાનને 60 વર્ષની ઉંમરથી દર મહિને ઓછામાં ઓછા રૂ. 3000 મળશે.
3. આ યોજનામાં 40 વર્ષની ઉંમરથી જોડાનાર કિસાને દર મહિને રૂ.100 ચૂકવવાના રહેશે.
(A) 1, 2, 3 (B) 1, 2 (C) 1, 3 (D) 2, 3 (B)

10. 12 સપ્ટેમ્બર, 2019ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઝારખંડના રાંચી ખાતેથી કેટલી 'એકલવ્ય આદર્શ આવાસીય વિદ્યાલય'નો ઈ-શિલાન્યાસ કર્યો છે ?
(A) 262 (B) 362 (C) 462 (D) 562 (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

11. 12 સપ્ટેમ્બર, 2019ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતના કયા રાજ્યની વિધાનસભાના નવા ભવનનું ઉદ્દ્ઘાટન કર્યું છે ?
(A) ઉત્તરાખંડ (B) છત્તીસગઢ (C) ઝારખંડ (D) તેલંગાણા **(C)**

12. 12 સપ્ટેમ્બર, 2019ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઝારખંડમાં કયા મલ્ટિ મોડલ ટર્મિનલનું લોકાર્પણ કર્યું છે ?
(A) જમશેદપુર (B) ધનબાદ (C) રામગઢ (D) સાહિબગંજ **(D)**

13. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઝારખંડના સાહિબગંજ ખાતે આવેલા એક મલ્ટિ મોડલ ટર્મિનલનું લોકાર્પણ કર્યું છે... આ ટર્મિનલનું નિર્માણ કઈ નદી પર થયું છે ?
(A) ગંગા (B) યમુના (C) કાવેરી (D) બ્રહ્મપુત્રા **(A)**

# ONE LINER
## CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા દૂધાળા ગામના નારાયણ સરોવરમાં મોટર રાઈડનો પ્રારંભ

8 સપ્ટેમ્બર, 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના દૂધાળા ગામે સુજલામ્ સુફલામ યોજના હેઠળ આકાર પામેલા નારાયણ સરોવર સહિત 20 ચેક ડેમોનું લોકાર્પણ કર્યું હતું. ત્યારબાદ તેમણે દૂધાળા ગામે આવેલા નારાયણ સરોવરમાં મોટર બાઈકની સવારી કરીને મોટર રાઈડનો પણ આરંભ કરાવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ➤ અમેરિકાના ડેલાવેયર અને ગુજરાત વચ્ચે સિસ્ટર સ્ટેટના MOU

તાજેતરમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને એમરિકાના ડેલાવેયર નામના રાજ્યના સેક્રેટરી ઓફ સ્ટેટે બંને રાજ્યો વચ્ચે સિસ્ટર સ્ટેટના MOU પર હસ્તાક્ષર કર્યા છે. અમેરિકાના ડેલાવેયર સાથે થયેલા આ MOU ગુજરાતે અમેરિકાના કોઈ રાજ્ય સાથે કરેલા સિસ્ટર સ્ટેટ તરીકેના પ્રથમ MOU છે. MOU નું પૂરું નામ Memorandum of Understanding છે.

## ➤ કેમ્પા ફંડમાંથી કેન્દ્ર સરકારે ગુજરાતને રૂ. 1500 કરોડ ફાળવ્યા

રાજ્યમાં જંગલની જમીનની જ્યારે અન્ય કોઈ પ્રજાકીય જરૂરી હેતુઓ માટે ફાળવણી કરવામાં આવે છે ત્યારે તેના વળતરની રકમ રાજ્ય સરકારે **કેન્દ્ર સરકાર**ના **કેમ્પા ફંડ**માં જમા કરાવવાની હોય છે. ત્યારબાદ આ રકમમાંથી કેન્દ્ર સરકાર નિયમ મુજબ **90 ટકા રકમ** જે તે રાજ્યને પરત કરે છે. આ અંતર્ગત ગુજરાત સરકારની જમા રકમમાંથી કેન્દ્ર સરકારે તાજેતરમાં **ગુજરાત**ને **રૂ. 1500 કરોડ** ફાળવ્યા છે. આ રકમનો ઉપયોગ **વનીકરણ તથા પ્રકૃતિ સંરક્ષણ** માટે થશે.

# ભારત

## ➤ દુલીપ ટ્રોફી 2019-20માં ઈન્ડિયા ગ્રીનને પરાજય આપી ઈન્ડિયા રેડ ચેમ્પિયન

તાજેતરમાં યોજાયેલી વર્ષ **2019-20**ની **દુલીપ ટ્રોફી** માટેની ટુર્નામેન્ટમાં **ઈન્ડિયા ગ્રીન**ને એક ઈનિંગ અને 38 રનથી પરાજય આપીને **ઈન્ડિયા રેડ**ની ટીમે આ ટ્રોફી જીતી લીધી છે. **ઈન્ડિયા રેડ** ટીમના કેપ્ટન ગુજરાતના ઓપનર **શ્રી પ્રિયંક પંચાલ** છે. દુલીપ ટ્રોફી એ ભારતની **ફર્સ્ટ કલાસ** ક્રિકેટ ટુર્નામેન્ટ છે. **ગુજરાત**ના **નવાનગર**ના કુમાર **શ્રી દુલીપ સિંહજી**ના નામ પરથી આ ટુર્નામેન્ટ યોજાય છે.

## ➤ સ્વચ્છતા દર્પણ રેન્કિંગ IIIમાં ગુજરાતનો દેવભૂમિ દ્વારકા જિલ્લો પ્રથમ

તાજેતરમાં ભારતમાં **સ્વચ્છ ભારત મિશન-ગ્રામીણ** અંતર્ગત જાહેર કરાયેલા **ત્રીજા તબક્કાના સ્વચ્છતા દર્પણ રેન્કિંગ**માં ગુજરાતના **દેવભૂમિ દ્વારકા** જિલ્લા સહિત કુલ **આઠ** જિલ્લાઓનો **પ્રથમ** ક્રમે સમાવેશ થયો છે. જેમાં **ગુજરાત**ના **દેવભૂમિ દ્વારકા** ઉપરાંત **હરિયાણા**નો **રેવારી** તથા **તેલંગાણાના છ જિલ્લા** સ્વચ્છતા દર્પણ રેન્કિંગમાં **પ્રથમ** ક્રમે છે. ભારત સરકારના **જલ શક્તિ મંત્રાલય**ના **પેયજળ અને સ્વચ્છતા વિભાગ** દ્વારા હાથ ધરાયેલા 700 જિલ્લાઓના સર્વેમાંથી ઉપરોક્ત **8** જિલ્લાઓને 100માંથી પૂરા 100 માર્ક્સ મળ્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE ? Questions

- ➤ 8 સપ્ટેમ્બર 2019ના રોજ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના કયા ગામમાં આવેલા નારાયણ સરોવરમાં મોટર રાઈડનો પ્રારંભ કરાવ્યો છે ? – દૂધાળા
- ➤ તાજેતરમાં કયા દેશના ડેલાવેયર નામના રાજ્ય અને ગુજરાત વચ્ચે સિસ્ટર સ્ટેટના MOU થયા છે ? – અમેરિકા
- ➤ તાજેતરમાં ગુજરાતે અમેરિકાના કયા રાજ્ય સાથે સૌપ્રથમ વખત સિસ્ટર સ્ટેટના MOU કર્યા છે ? – ડેલાવેયર
- ➤ તાજેતરમાં કેન્દ્ર સરકારે કેમ્પા ફંડમાંથી ગુજરાત સરકારને તેના હિસ્સાની રકમમાંથી કેટલા રૂપિયા ફાળવ્યા છે ? – રૂ.1500 કરોડ
- ➤ દુલીપ ટ્રોફી 2019-20 વિજેતા ટીમનું નામ શું છે ? – ઈન્ડિયા રેડ
- ➤ દુલીપ ટ્રોફી 2019-20માં કઈ ટીમને પરાજય આપીને ઈન્ડિયા રેડ ટીમે આ ટુર્નામેન્ટ જીતી લીધી છે ? – ઈન્ડિયા ગ્રીન
- ➤ તાજેતરમાં સ્વચ્છ ભારત મિશન - ગ્રામીણ અંતર્ગત જાહેર કરાયેલા ત્રીજા તબક્કાના સ્વચ્છતા દર્પણ રેન્કિંગમાં ગુજરાતનો કયો જિલ્લો પ્રથમ ક્રમે છે ? – દેવભૂમિ દ્વારકા

# QUICK CURRENT

## QUESTIONS OF THIS WEEK

1. 7 સપ્ટેમ્બર, 2019ના રોજ ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રૂા.19,000 કરોડના ખર્ચે નિર્માણ પામનારા મેટ્રોના ત્રણ પ્રોજેકટનું કયાંથી ભૂમિપૂજન કર્યું છે ? – મુંબઈ (મહારાષ્ટ્ર)
2. તાજેતરમાં શ્રી અબ્દુલ કાદિરનું નિધન થયું છે... તેઓ કયા દેશના પૂર્વ ક્રિકેટર હતા ? – પાકિસ્તાન
3. ભારતમાં ઈન્ફ્રાસ્ટ્રકચર (આંતરમાળખા)ના વિકાસ માટે આગામી પાંચ વર્ષમાં કેટલા કરોડના રોકાણ માટે તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા એક ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે ? – રૂા.100 લાખ કરોડ
4. મહાત્મા ગાંધીજીની 150મી જન્મજયંતિ નિમિત્તે BSF, CRPF સહિતના 500 જવાનોએ તાજેતરમાં કયાંથી નવી દિલ્હીના રાજઘાટ સુધી સાઈકલયાત્રાનું આયોજન કર્યું છે ? – પોરબંદર(થી રાજઘાટ, નવી દિલ્હી સુધી)
5. વર્ષ 2020માં મહિલાઓ તથા પુરુષો એમ બંનેનો ટી-20 ક્રિકેટ વર્લ્ડ કપ કયા દેશમાં યોજાશે ? – ઓસ્ટ્રેલિયા
6. તાજેતરમાં સુશ્રી પી.વી. સિંધૂને વર્લ્ડ બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ આપવામાં મહત્ત્વની ભૂમિકા ભજવનાર ભારતીય બેડમિન્ટન ટીમના નવા વિદેશી કોચનું નામ શું છે ? – કિમ જી હ્યુન (દક્ષિણ કોરિયા)
7. ભારતના કયા ક્રિકેટ સ્ટેડિયમમાં તાજેતરમાં શ્રી વિરાટ કોહલીના નામ પર રખાયેલા એક ખાસ સ્ટેન્ડનું અનાવરણ કરવામાં આવ્યું છે ? – અરૂણ જેટલી સ્ટેડિયમ, દિલ્હી (જૂનું નામઃ ફિરોઝ શાહ કોટલા સ્ટેડિયમ)
8. તાજેતરમાં ભારતના કયા રાજ્યના મુખ્યમંત્રીએ કેન્દ્ર સરકારનો નવો મોટર વ્હીકલ એકટ પોતાના રાજ્યમાં લાગુ નહિ થાય તેવી જાહેરાત કરી છે ? – પશ્ચિમ બંગાળ
9. વિશ્વના કયા બે દેશો વચ્ચે ટેસ્ટ મેચની એશીઝ સીરીઝ (Ashes Series) યોજાય છે ? – ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ
10. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં ગુજરાતની કઈ હાઈકોર્ટના પ્રાંગણમાં નવનિર્મિત 'કાયદા ભવન' ખુલ્લું મૂકયું છે ? – ગુજરાત હાઈકોર્ટ (અમદાવાદ)
11. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના કયા ગામે નવનિર્મિત ધર્મનંદન સરોવરનું લોકાર્પણ કરાવ્યું છે ? – ઉગામેડી ગામે
12. ચીનના સૌથી ધનિક બિઝનેસમેન શ્રી જેક માની નિવૃત્તિ બાદ તાજેતરમાં અલીબાબાના નવા એકિઝકયૂટીવ ચેરમેન તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી ડેનિયલ ઝાંગ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

13. ગુજરાત સરકાર દ્વારા સરદાર સરોવર નર્મદા ડેમના કયા નંબરના તળાવમાં સી–પ્લેનની સુવિધાનો પ્રારંભ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે ? – તળાવ નંબર 3

14. તાજેતરમાં વિદ્યાર્થીઓની સમસ્યાઓના નિવારણ માટે પોતાના રાજ્યની તમામ યુનિવર્સિટીઓમાં લોકપાલની નિમણૂક કરવાનો નિર્ણય કરનાર ભારતના પ્રથમ રાજ્યનું નામ શું છે ? – ગુજરાત

15. મુસ્લિમ સમાજ દ્વારા કયા શહીદોની યાદમાં મોહરમના પર્વ પર માતમ મનાવવામાં આવે છે ? – કરબલાના શહીદો

16. ભારતમાં TB અથવા તો Tuberculosisના નિયંત્રણ માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરવા કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે તાજેતરમાં કઈ સંસ્થા સાથે સમજૂતી કરી છે ? – વાધવાની ઈન્સ્ટિટ્યૂટ ફોર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ

17. શ્રી સ્વામી વિવેકાનંદે અમેરિકાના શિકાગો ખાતે મળેલી ધર્મ પરિષદમાં ક્યારે અભૂતપૂર્વ વ્યાખ્યાન આપ્યું હતું ? – 11 સપ્ટેમ્બર, 1893

18. તાજેતરમાં અમેરિકાના ફ્લોરિડામાં જજ તરીકે નોમિનેટ થયેલા ભારતીય મૂળના પ્રથમ વ્યકિતનું નામ શું છે ? – શ્રી અનુરાગ સિંઘલ

19. તાજેતરમાં ભારતના કયા શહેરના કોર્પોરેશન દ્વારા રસ્તાની સાઈડ પરના વૃક્ષો પર જાહેરાતો, તાર કે લાઈટ્સ લગાવીને તેમને નુકસાન પહોંચાડનારાઓ માટે દંડ અને સજાની જોગવાઈ કરવામાં આવી છે ? – ચેન્નાઈ

20. તાજેતરમાં કયા દેશ દ્વારા તેમના દેશમાં સ્નાતક કે અનુસ્નાતકનો કોર્સ પૂર્ણ કર્યા બાદ વિદેશી વિદ્યાર્થીઓને બે વર્ષ નોકરી કરવાની છૂટ આપવામાં આવશે એવી જાહેરાત કરવામાં આવી છે ? – બ્રિટન

21. મની લોન્ડરિંગ કેસમાં EDએ ધરપકડ કરતા તાજેતરમાં ચર્ચામાં રહેલા ડી. કે. શિવકુમાર કયા રાજ્યના પ્રસિદ્ધ નેતા છે ? – કર્ણાટક

22. વર્ષ 2020નો FIFA અંડર-17 મહિલા ફૂટબોલ વર્લ્ડ કપ કયા દેશમાં યોજાશે ? – ભારત

23. તાજેતરમાં કયા દેશમાં યોજાયેલા ચેસ વર્લ્ડ કપ 2019માં ભારતના 15 વર્ષીય ગ્રાન્ડ માસ્ટર નિહાલ સરિને પેરૂના 24 વર્ષીય ગ્રાન્ડ માસ્ટર જોર્ગે કોરીને પરાજય આપીને અપસેટ સર્જ્યો છે ? – રશિયા (રશિયાના Khanty - Mansiysk નામના નગરમાં)

24. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રિન્સીપાલ (સેક્રેટરી અથવા અગ્ર સચિવ) તરીકે તાજેતરમાં ગુજરાત કેડરના કયા IAS ઓફિસરની નિમણૂક કરવામાં આવી છે ? – ડો. પી.કે. મિશ્રા અથવા ડો. પ્રમોદકુમાર મિશ્રા

25. દર્શક ફાઉન્ડેશન દ્વારા તાજેતરમાં સપ્ટેમ્બર 2019 દરમિયાન ગુજરાતના કયા સાહિત્યકારને 'દર્શક એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા છે ? – સુશ્રી ઈલા આરબ મહેતા

26. તાજેતરમાં અમેરિકાના નેશનલ સિક્યુરિટી એડવાઈઝર અથવા તો 'રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર' પદેથી કોણે રાજીનામું આપ્યું છે ? – શ્રી જોન બોલ્ટન

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

27. 12 સપ્ટેમ્બર, 2019ની સ્થિતિએ ટી-20 ઈન્ટરનેશનલ ક્રિકેટમાં સૌથી વધુ રન, સૌથી વધુ સદી અને સૌથી વધુ સિકસનો રેકોર્ડ કયા ક્રિકેટરના નામે છે ? – શ્રી રોહિત શર્મા

28. તાજેતરમાં જ સૌથી વધુ 40 દેશો વિરુદ્ધ ગોલ કરવાનો રેકોર્ડ બનાવનાર વિશ્વના પ્રથમ ફૂટબોલ ખેલાડીનું નામ શું છે ? – શ્રી ક્રિસ્ટિયાનો રોનાલ્ડો (પોર્ટુગલ)

29. 'મિશન મિલિયન ટ્રીઝ' જેવા અભિયાનો દ્વારા તાજેતરમાં ગુજરાતના કયા જિલ્લામાં અભૂતપૂર્વ 25 લાખ જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે ? – અમદાવાદ

30. તાજેતરમાં ગુજરાતમાં સ્વાતંત્ર્ય પર્વની પૂર્વ સંધ્યાએ ગુજરાતના કયા જિલ્લામાં 'એટ હોમ કાર્યક્રમ' યોજાયો હતો ? – છોટા ઉદેપુર

31. તાજેતરમાં ગુજરાતમાં સ્વાતંત્ર્ય દિનની ઉજવણીના ભાગરૂપે કઈ જગ્યાએ યોજાયેલા યુવા સંમેલનમાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ સંબોધન કર્યું હતું ? – બોડેલી (જિ. છોટા ઉદેપુર)

32. તાજેતરમાં ટાઈમ મેગેઝિન દ્વારા પ્રસિદ્ધ થયેલી વિશ્વના જોવાલાયક સૌથી 100 શ્રેષ્ઠ સ્થળોની યાદીમાં ગુજરાતના કયા સ્થળનો સમાવેશ થયો છે ? – સ્ટેચ્યુ ઓફ યુનિટી

33. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં ગુજરાતમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે કઈ જગ્યાએ અથવા તો કયા ઈકો ટુરિઝમ સેન્ટરમાં ગુજરાતની પ્રથમ રિવર રાફ્ટીંગ સુવિધાનો પ્રારંભ કરાવ્યો છે ? – ખલવાણી ખાતે અથવા તો ખલવાણી ઈકો ટુરિઝમ સેન્ટરમાં

34. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની અધ્યક્ષતામાં તાજેતરમાં મળેલી આઈલેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટીની પ્રથમ બેઠકમાં લેવાયેલા નિર્ણય અનુસાર પ્રથમ તબક્કામાં ગુજરાતના 50 હેકટરથી વધુ ક્ષેત્રફળ ધરાવતા કેટલા બેટ અથવા તો આઈલેન્ડનો હોલિસ્ટિક વિકાસ કરવામાં આવશે ? – 23

35. ગુજરાતમાં તબીબી શિક્ષણ મેળવ્યા બાદ અગાઉ ડોકટરોએ ગ્રામ્ય સ્તરે ફરજિયાત ત્રણ વર્ષની સેવા આપવી પડતી હતી... ગુજરાત સરકારે આ ત્રણ વર્ષની મુદતમાં હવે શું ફેરફાર કર્યો છે ? – ત્રણ વર્ષની મુદત ઘટાડીને 1 વર્ષ કરવામાં આવી છે

36. ગુજરાતમાં અગાઉ રાજ્ય સરકાર સંચાલિત મેડિકલ કોલેજોમાં પ્રવેશ મેળવીને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ તબીબી શિક્ષણ મેળવ્યા બાદ ગામડામાં ત્રણ વર્ષની ફરજિયાત નોકરી અને રૂા.5 લાખના બોન્ડ આપવા પડતા હતા... હવેથી ત્રણ વર્ષને બદલે 1 વર્ષની નોકરી અને રૂ. 5 લાખના બોન્ડ સાથે કેટલા રૂપિયાની બેંક ગેરન્ટી રૂા.300 ના સ્ટેમ્પ પેપર ઉપર અલગથી આપવાની રહેશે ? – રૂા.15 લાખ

37. ગુજરાતમાં રાજ્ય સરકાર સંચાલિત મેડિકલ કોલેજોમાં તબીબી શિક્ષણ મેળવ્યા બાદ કોઈ ડોકટરે ગ્રામ્ય સ્તરે 1 વર્ષની ફરજિયાત સેવા ન આપવી હોય તો તેમને ગુજરાત સરકારમાં કેટલા રૂપિયા ભર્યા બાદ ગુજરાતમાં ખાનગી પ્રેકટીસ કરવા માટેનું પ્રમાણપત્ર મળશે ? – રૂા.20 લાખ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

38. નીતિ આયોગ દ્વારા જાહેર થયેલા કમ્પોઝિટ વોટર મેનેજમેન્ટ ઈન્ડેકસ 2.0માં જળ વ્યવસ્થાપન–વોટર મેનેજમેન્ટ ક્ષેત્રે સતત ત્રીજા વર્ષે ભારતનું કયું રાજ્ય પ્રથમ ક્રમે છે ? – ગુજરાત

39. ગુજરાતમાં સુજલામ્ સુફલામ્ જળ અભિયાનનો પ્રારંભ કયારથી થયો હતો ?
– 1 મે, 2018 (ગુજરાતના સ્થાપના દિન નિમિત્તે)

40. તાજેતરમાં ભારતના ગૃહમંત્રી શ્રી અમિત શાહે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં ગુજરાતના કયા શહેરમાં 8 ઈલેકટ્રીક બસોનું લીલી ઝંડી બતાવીને પ્રસ્થાન કરાવ્યું હતું ? – અમદાવાદ

41. તાજેતરમાં 30 ઓગસ્ટ 2019ના રોજ ગુજરાતના ગાંધીનગર ખાતે આયોજીત પોષણ અભિયાન અંગેના કાર્યક્રમ અંતર્ગત કોના દ્વારા આંગણવાડી કાર્યકરોને ICDS - CAS ટેક્નોલોજીથી સજ્જ સ્માર્ટ ફોન આપવામાં આવ્યા છે ?
– શ્રીમતી સ્મૃતિ ઈરાની

42. તાજેતરમાં 12-13 સપ્ટેમ્બર 2019 દરમિયાન SCO(Shanghai Co-operation Organisation)ની પ્રથમ Military Medicine Conferenceનું આયોજન કયાં થયું હતું ? – નવી દિલ્હી

43. તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં 25મી સિનિયર મહિલા નેશનલ ફૂટબોલ ચેમ્પિયનશિપનું આયોજન થયું છે ?
– અરૂણાચલ પ્રદેશ

44. ભારત કયા દેશ સાથે 8મી એશિયન મંત્રી સ્તરીય ઉર્જા રાઉન્ડ ટેબલનો સહ-યજમાન દેશ હતો ?
– UAE (યુનાઈટેડ આરબ અમીરાત)

45. તાજેતરમાં 10 સપ્ટેમ્બર 2019ના રોજ કઈ જગ્યાએ યોજાયેલી 8th Asian Ministerial Energy Roundtable (AMER8)નો ભારત સહ-યજમાન દેશ હતો ? – અબુધાબી (UAE)

46. તાજેતરમાં સપ્ટેમ્બર 2019 દરમિયાન ભારતની પ્રથમ હેલિકોપ્ટર સમિટનું આયોજન કયાં થયું હતું ?
– દહેરાદૂન (ઉત્તરાખંડ)

47. તાજેતરમાં ભારતના કયા રાજ્યની સરકારે ભારતના પ્રથમ 'આંતરરાષ્ટ્રીય મહિલા વ્યાપાર કેન્દ્ર' (Global Trade Center for Women)ની સ્થાપના કરવાનો નિર્ણય કર્યો છે ?
– કેરળ (કેરળના કોઝિકોડમાં 2021 સુધીમાં તેની સ્થાપના થશે)

48. તાજેતરમાં 2019 Asia Pacific Golf Hall of Fameમાં કયા ભારતીયનો સમાવેશ કરવામાં આવ્યો છે ?
– શ્રી પવન મુંજાલ (Hero Moto Corpના ચેરમેન અને MD)

49. ઓડિશાના અગ્રણી સાહિત્ય પુરસ્કાર 'સરલા પુરસ્કાર' અથવા તો '40મા સરલા પુરસ્કાર' માટે તાજેતરમાં કોની પસંદગી કરવામાં આવી છે ? – ડો. પ્રદીપ દાસ

50. ભારતની સૌથી મોટી સમાચાર એજન્સી Press Trust of India(PTI)ના ચેરમેન તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી વિજય કુમાર ચોપડા (પંજાબ કેસરી ગ્રુપના મુખ્ય સંપાદક)

51. તાજેતરમાં સૌથી ઓછી ઉંમરમાં ઈંગ્લીશ ચેનલને પાર કરીને વિશ્વની સૌથી યુવા ઓપન વોટર સ્વિમરનો રેકોર્ડ બનાવનાર ભારતીય યુવતીનું નામ શું છે ? – સુશ્રી ગૌરવી સિંઘવી

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

52. તાજેતરમાં ચર્ચામાં રહેલ યુવા સ્વિમર સુશ્રી ગૌરવી સિંઘવી કયા રાજ્યના છે ? – રાજસ્થાન (ઉદયપુર)

53. આંતરરાષ્ટ્રીય ટી-20 ક્રિકેટમાં 100 વિકેટ ઝડપનાર વિશ્વના પ્રથમ બોલરનું નામ શું છે ?
– શ્રી લસિથ મલિંગા (શ્રીલંકા)

54. ભારતીય રેલવે દ્વારા તાજતેરમાં ભારતના કયા રેલવે સ્ટેશનમાં પ્રથમ Fun Zone અથવા તો Gaming Zoneનો પ્રારંભ કરવામાં આવ્યો છે ? – વિશાખાપટ્ટનમ રેલવે સ્ટેશન

55. ભારત, ચીન તથા પાકિસ્તાન સહિત વિશ્વના અનેક દેશો જેમાં ભાગ લઈ રહ્યા છે તે TSENTR-2019 નામના બહુરાષ્ટ્રીય યુદ્ધ અભ્યાસનું આયોજન 9થી 23 સપ્ટેમ્બર દરમિયાન કયાં થયું છે ?
– રશિયા (રશિયાના ઓરેનબર્ગમાં)

56. વિજ્ઞાનના ઓસ્કાર તરીકે ઓળખાતા 'બ્રેકથ્રૂ પ્રાઈઝ' (Breakthrough Prize) માટે તાજેતરમાં કયા ટેલિસ્કોપની ટીમની પસંદગી કરવામાં આવી છે ?
– ઈવેન્ટ હોરાઈઝન ટેલિસ્કોપ ટીમ (તાજેતરમાં બ્લેક હોલનો પ્રથમ ફોટો લેનાર ટીમ)

57. તાજેતરમાં ભારતના કયા શહેરમાં એશિયાના પ્રથમ 5th Generation - VR based Advanced Driver Training Simulator Centerનો પ્રારંભ કરવામાં આવ્યો છે કે જ્યાં પ્રથમ 6 મહિના દરમિયાન 'સેફ ડ્રાઈવર્સ અભિયાન' અંતર્ગત 200 એમ્બ્યુલન્સ ડ્રાઈવરોને મફત તાલીમ આપવામાં આવશે ? – ચેન્નાઈ (તમિલનાડુ)

58. તાજેતરમાં 9થી 12 સપ્ટેમ્બર 2019 દરમિયાન ('સમૃદ્ધિ માટે ઉર્જા' થીમ ધરાવતી) 24મી વિશ્વ ઉર્જા કોંગ્રેસ (24th World Energy Congress 2019) નું આયોજન કયા શહેરમાં થયું હતું ? – અબુધાબી (UAE)

59. તાજેતરમાં 9થી 11 સપ્ટેમ્બર 2019 દરમિયાન ઉર્જા સંરક્ષણ માટેના આંતરરાષ્ટ્રીય સંમેલન 'આંગન'નું આયોજન કયાં થયું હતું ? – નવી દિલ્હી

60. તાજેતરમાં યુરોપીયન યુનિયનના કયા દેશે વર્ષ 2023 સુધીમાં 'Glyphosate'નામની નીંદણ નાશક દવાનો ઉપયોગ બંધ કરવાની જાહેરાત કરી છે ? – જર્મની

61. જુલાઈ 2019માં 'Glyphosate'નામની નીંદણ નાશક દવા પર પ્રતિબંધ મૂકનાર યુરોપીયન યુનિયનના પ્રથમ દેશનું નામ શું છે ? – ઓસ્ટ્રિયા

62. તાજેતરમાં સપ્ટેમ્બર 2019 દરમિયાન ભારત અને ચીન વચ્ચે છઠ્ઠી ભારત-ચીન સામરિક આર્થિક વાર્તા (6th India-China Strategic Economic Dialogue)નું આયોજન કયા શહેરમાં થયું હતું ? – નવી દિલ્હી

63. તાજેતરમાં ચર્ચામાં રહેલા ખેલાડી શ્રી રોનાલ્ડો રાઈતોંજમ કઈ રમત સાથે સંકળાયેલા છે ?
– સાઈકલિંગ (તાજેતરમાં તેમણે 2019 ટ્રેક એશિયા કપમાં ચોથો ગોલ્ડ મેડલ જીત્યો છે)

64. તાજેતરમાં ભારતના કયા શહેરમાં Indian Institute of Skill (IIS) નો શિલાન્યાસ કરવામાં આવ્યો છે ?
– મુંબઈ

65. ભારતમાં કેન્દ્રીય કેબિનેટે ભારતના કયા ત્રણ શહેરોમાં Indian Institute of Skills (ભારતીય કૌશલ્ય સંસ્થા) ની સ્થાપના માટે મંજૂરી આપી છે ? – મુંબઈ, અમદાવાદ અને કાનપુર

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**66.** ભારતના પ્રથમ Digital Capability Centreની સ્થાપના માટે નીતિ આયોગે કઈ કંપનીની પસંદગી કરી છે ?
– Mckinsey & Company

**67.** શ્રી વીર સાવરકર વિશેના પુસ્તક 'Savarkar: Echoes from a forgotten Past, 1883-1924' નું તાજેતરમાં વિમોચન થયું છે... તેના લેખકનું નામ શું છે ? – શ્રી વિક્રમ સંપત

**68.** ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં ઝારખંડના સાહિબગંજ ખાતે ગંગા નદી પર બનેલા ભારતના બીજા મલ્ટિમોડલ કાર્ગો ટર્મિનલનું લોકાર્પણ કર્યું છે... ભારતનું પ્રથમ મલ્ટિ મોડલ કાર્ગો ટર્મિનલ કયું છે ?
– વારાણસી

**69.** તાજેતરમાં જ શ્રી રાજસેકરનું નિધન થયું છે... તેઓ ભારતના કયા ક્ષેત્રીય સિનેમાના અભિનેતા, સિનેમેટોગ્રાફર અને ડિરેકટર હતા ? – તમિલ

**70.** ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રિન્સીપાલ સેક્રેટરી અથવા અગ્ર સચિવ તરીકે તાજેતરમાં શ્રી પી.કે. મિશ્રા અથવા તો શ્રી પ્રમોદ કુમાર મિશ્રાની નિમણૂક કરવામાં આવી છે... તો વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના Principal Advisor એટલે કે પ્રમુખ સલાહકાર તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?
– શ્રી પી.કે. સિંહા અથવા શ્રી પ્રદીપકુમાર સિંહા
(ઉત્તર પ્રદેશ કેડરના 1977ની બેચના IAS ઓફિસર તથા ભારતના પૂર્વ કેબિનેટ સચિવ)

**71.** તાજેતરમાં ભારતના કયા રાજદ્વારીને UAE અથવા તો સંયુકત આરબ અમીરાત દ્વારા 'ફર્સ્ટ કલાસ ઓર્ડર ઓફ જાયેદ-II એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા છે ? – શ્રી નવદિપ સિંહ સૂરી (UAEમાં ભારતના રાજદ્વારી)

**72.** તાજેતરમાં વૈજ્ઞાનિકોએ કયા ટેલિસ્કોપની મદદથી સુપર અર્થ "K2-18b" નામના ગ્રહ પર જળબાષ્પ અથવા તો પાણીની વરાળની શોધ કરી છે ? – હબલ સ્પેસ ટેલિસ્કોપ

**73.** વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)ના દક્ષિણ–પૂર્વ એશિયા ક્ષેત્રમાં કયા દેશોએ હેપેટાઈટિસ બી પર સફળતાપૂર્વક નિયંત્રણ કરી લીધું છે ? – બાંગ્લાદેશ, ભૂટાન, નેપાળ અને થાઈલેન્ડ

**74.** OIE-World Organization for Animal Health દ્વારા તાજેતરમાં કયા દેશને એવિયન એન્ફલુએન્ઝા (H5N1)થી મુકત જાહેર કરવમાં આવ્યો છે ? – ભારત

**75.** તાજેતરમાં સ્વતંત્રતા સેનાની હીરાલાલ શર્માનું નિધન થયું છે... તેમના રાજ્યનું નામ શું છે ? – રાજસ્થાન

**76.** તાજેતરમાં રશિયામાં આયોજીત 5મી ઈસ્ટર્ન ઈકોનોમિક ફોરમમાં ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કોણે કર્યુ હતું ?
– શ્રી નરેન્દ્રભાઈ મોદી

**77.** ભારતમાં SATHI (Sophisticated Analytical and Technical Help Institute)ની સ્થાપના કરવા માટે ભારત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ દ્વારા ભારતની કઈ IITની પસંદગી કરવામાં આવી છે ?
– IIT ખડગપુર

**78.** તાજેતરમાં સપ્ટેમ્બર 2019 દરમિયાન ભારતમાં સાઈબર ક્રાઈમ ઈન્વેસ્ટીગેશન અંગેની પ્રથમ નેશનલ કોન્ફરન્સનું આયોજન કયાં થયું હતું ? – નવી દિલ્હી

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

79. તાજેતરમાં 4th Indian Ocean Conference 2019નું આયોજન કયાં થયું હતું ? – માલે (માલદીવ)

80. તાજેતરમાં ચર્ચામાં રહેલ ખેલાડી શ્રી શ્રીહરિ નટરાજ કઈ રમત સાથે સંકળાયેલા છે ? – સ્વિમિંગ
(તાજેતરમાં તેમણે 73મા ગ્લેનમાર્ક નેશનલ સીનિયર એક્વેટિક ચેમ્પિયનશિપમાં સર્વશ્રેષ્ઠ પુરુષ સ્વિમરનો એવોર્ડ જીત્યો છે)

81. તાજેતરમાં ચર્ચામાં રહેલ સ્વિમિંગ ખેલાડી શ્રી શ્રીહરિ નટરાજ કયા રાજ્યના છે ? – કર્ણાટક(બેંગાલુરુ)

82. તાજેતરમાં સપ્ટેમ્બર 2019 દરમિયાન શ્રી કિરણ નગરકરનું નિધન થયું છે... તેઓ કયા ક્ષેત્ર સાથે સંકળાયેલા હતા ?
– સાહિત્ય(મહારાષ્ટ્રના મુંબઈમાં જન્મેલા પ્રસિદ્ધ નવલકથાકાર તથા નાટ્યકાર)

83. ભારતીય સેનાની એક ટીમે તાજેતરમાં જ માઉન્ટ લિયો પારગ્યિલ પર્વતના શિખરને સર કર્યું છે... આ પર્વત ભારતના કયા રાજ્યમાં આવેલો છે ? – હિમાચલ પ્રદેશ

84. ભારતમાં હેવી ડયુટી ટ્રક માટે BS-VI Certification મેળવનારી પ્રથમ કોમર્શિયલ વ્હીકલ નિર્માતા કંપની કઈ બની છે ? – Ashok Leyland

85. તાજેતરમાં પ્રથમ અમેરિકા–આસિયાન સમુદ્રી અભ્યાસનું આયોજન કયા દેશમાં થયું હતું ? – થાઈલેન્ડ

86. National Tiger Conservation Authority (NTCA) દ્વારા તાજેતરમાં સિક્કિમ, ઉત્તરાખંડ, પશ્ચિમ બંગાળ તથા અરૂણાચલ પ્રદેશના ઊંચાઈવાળા વિસ્તારોમાં વાઘની ઉપસ્થિતિ અંગે સમર્થન આપવામાં આવ્યું છે... NTCAનું વડું મથક કયાં આવેલું છે ? – નવી દિલ્હી

87. 'વિશ્વ નારિયળ દિવસ' (World Coconut Day) ક્યારે ઉજવવામાં આવે છે ? – 2 સપ્ટેમ્બર

88. ભારતના કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી હર્ષવર્ધને તાજેતરમાં જાહેરાત કરી છે કે ભારત 'ગ્લોબલ ફંડ ફોર એઈડ્સ, ટીબી, મેલેરિયા 2020-22' માટે 22 મિલિયન ડોલરની સહાય આપશે...'ગ્લોબલ ફંડ ફોર એઈડ્સ, ટીબી, મેલેરિયા'નું વડું મથક કયાં આવેલું છે ? – જીનેવા (સ્વિત્ઝર્લેન્ડ)

89. Association of world Election Bodies (A-WEB)ના નવા ચેરમેન તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી સુનીલ અરોરા (ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર)

90. એમ્પ્લોયીઝ સ્ટેટ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન (ESIC) દ્વારા Direct Transfer of Benefits (DTB)ની સુવિધા માટે ભારતની બેંક સાથે કરાર કરવામાં આવ્યા છે ? – SBI (સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા)

91. તાજેતરમાં કઈ કંપનીએ ICICI બેંક સાથે ડિજિટલ ટેક્નોલોજી માટે રૂ. 300 મિલિયન ડોલરનો કોન્ટ્રાકટ કર્યો છે ?
– વિપ્રો

92. તાજેતરમાં ભારતના કયા રાજ્ય દ્વારા અમેરિકાના ડેલાવેયર રાજ્ય સાથે સિસ્ટર સ્ટેટના MoU કરવામાં આવ્યા છે ?
– ગુજરાત

93. તાજેતરમાં ભારતના કયા શહેરમાં એ શહેરના પ્રથમ મોબાઈલ સાયન્સ એકિઝબિશનનું આયોજન કરવામાં આવ્યું હતું ? – લેહ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**94.** તાજેતરમાં ચોથી દક્ષિણ એશિયાઈ સ્પીકર સમિટનું આયોજન કયા શહેરમાં થયું હતું કે જેમાં ભારતનું પ્રતિનિધિત્વ લોકસભાના સ્પીકર શ્રી ઓમ બિરલા અને રાજ્યસભાના ઉપાધ્યક્ષ શ્રી હરિવંશ નારાયણસિંહે કર્યું હતું ?

– માલે (માલદીવ)

**95.** ખાદી અને ગ્રામ ઉદ્યોગ આયોગ દ્વારા તાજેતરમાં માટીની તૂટેલી વસ્તુનો ભૂક્કો કરીને તેને ફરીથી ઉપયોગમાં લેવા માટે ભારતના કયા શહેરમાં 'ટેરાકોટા ગ્રાઈન્ડર' નામનું પ્રથમ મશીન લોન્ચ કરવામાં આવ્યું છે ?

– વારાણસી (ઉત્તર પ્રદેશ)

**96.** તાજેતરમાં સપ્ટેમ્બર 2019 દરમિયાન WHOના દક્ષિણ–પૂર્વ એશિયા ક્ષેત્રના 72મા સત્રનું આયોજન કયાં થયું હતું ?

– નવી દિલ્હી

**97.** તાજેતરમાં WHOના દક્ષિણ–પૂર્વ એશિયા ક્ષેત્રના 72મા સત્રના અધ્યક્ષ કોણ હતા ?

– ડો. હર્ષવર્ધન(ભારતના કેન્દ્રીય આરોગ્ય મંત્રી)

**98.** તાજેતરમાં કઈ કાર 300 માઈલ પ્રતિ કલાક (અથવા તો 480 કિલોમીટર પ્રતિ કલાક)નો રેકોર્ડ તોડીને 300 માઈલ પ્રતિ કલાકથી વધુ ઝડપથી ચાલતી વિશ્વની પ્રથમ કાર બની ગઈ છે ? – Bugatti Chiron

**99.** તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં 'નુઆખાઈ' નામના કૃષિ ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી ? – ઓડિશા

**100.** તાજેતરમાં ચર્ચામાં રહેલું 'ગરવી ગુજરાત ભવન' કયા શહેરમાં આવેલું છે ? – નવી દિલ્હી

**101.** ભારતમાં પ્રથમ 'Garbage Cafe' કયા શહેરમાં ખોલવામાં આવશે કે જયાં કચરો વીણનાર લોકોને 1 કિલો પ્લાસ્ટિકના બદલામાં મફત ભોજન આપવામાં આવશે ? – અંબિકાપુર (છત્તીસગઢ)

**102.** તાજેતરમાં ચર્ચામાં રહેલા પંજાબના પ્રસિદ્ધ ખેલાડી શ્રી તેજિન્દર પાલ સિંહ તૂર કઈ રમત સાથે સંકળાયેલા છે ?

– Shot Put (ગોળાફેંક)

**103.** તાજેતરમાં ભારતના કયા રાજ્યમાં ભારતની સૌથી લાંબી ઈલેકટ્રીફાઈડ રેલવે સુરંગનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે ?

– આંધ્રપ્રદેશ

**104.** તાજેતરમાં નેપાળને પરાજય આપીને SAFF અંડર–15 ફૂટબોલ ચેમ્પિયનશિપ કયા દેશે જીતી લીધી છે ?

– ભારત

**105.** તાજેતરમાં ભારતમાં કઈ ફિલ્મ 'બોલિવુડની પ્રથમ પ્લાસ્ટિક મુકત ફિલ્મ' બની ગઈ છે ?

– શ્રી વરુણ ધવનની આગામી ફિલ્મ 'કુલી નંબર 1'

**106.** તાજેતરમાં બાંગ્લાદેશના મેઘનાહાર ખાતે 750 મેગાવોટની ક્ષમતાવાળા ગેસ આધારિત પાવર પ્લાન્ટની સ્થાપના માટે બાંગ્લાદેશે ભારતની કઈ કંપની સાથે કરાર કર્યા છે ? – રિલાયન્સ પાવર

**107.** 'નેશનલ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ રિસોર્સ પોર્ટલ' (NAIRP) માટે એમેઝોન વેબ સર્વિસે ભારતની કઈ IIT સાથે સમજૂતી કરી છે ? – IIT ખડગપુર

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

108. ભારતમાં એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ માટે એક પ્લેટફોર્મ પૂરું પાડવા ભારત સરકારના IT મંત્રાલય દ્વારા તાજેતરમાં કઈ કંપની સાથે મળીને 'બિલ્ડ ફોર ડિજિટલ ઈન્ડિયા' નામનો કાર્યક્રમ લોન્ચ કરવામાં આવ્યો છે ?

– ગૂગલ

109. તાજેતરમાં ચર્ચામાં રહેલ ભારતના મહિલા શૂટર સુશ્રી યશસ્વિની સિંહ દેસવાલનો જન્મ ભારતના કયા શહેરમાં થયો હતો ?

– નવી દિલ્હી (તેમણે તાજેતરમાં ISSF World Cup 2019માં 10 મીટર એર પિસ્ટલમાં ગોલ્ડ મેડલ જીત્યો છે)

110. તાજેતરમાં ભારતના કયા શહેરમાં '5th Aqua Aquaria India 2019'નું આયોજન થયું હતું ?

– હૈદરાબાદ (તેલંગાણા)

111. ભારતનો પ્રથમ 'Sky Cycling Park' કયા શહેરમાં શરૂ થશે ? – મનાલી (હિમાચલ પ્રદેશ)

112. તાજેતરમાં ભારતમાં રાષ્ટ્રીય ખેલ પ્રોત્સાહન પુરસ્કાર 2019થી કોને સન્માનિત કરવામાં આવ્યા છે ?

– શ્રી ગગન નારંગ અને શ્રી પવનસિંહ

113. તાજેતરમાં ભારતમાં તેનજિંગ નોર્ગે રાષ્ટ્રીય સાહસિક કાર્ય પુરસ્કાર જીતનાર ભારતના પ્રથમ મહિલા IPS ઓફિસરનું નામ શું છે ? – સુશ્રી અપર્ણા કુમાર (2002ની બેચના ઉત્તરપ્રદેશ કેડરના IPS ઓફિસર)

114. તાજેતરમાં ભારતના કયા રાજ્ય અથવા તો કેન્દ્ર શાસિત પ્રદેશની સરકારે બસ તથા મેટ્રોમાં મહિલાઓને મફત યાત્રા કરવાની સુવિધા આપવાનો નિર્ણય કર્યો છે ? – દિલ્હી

115. તાજેતરમાં ભારતના કયા રાજ્યની સરકારે ફિટ ઈન્ડિયા મૂવમેન્ટ અંતર્ગત 'Walk to Work' અથવા તો 'Walk to Work on Wednesday' નામનું અભિયાન લોન્ચ કર્યું છે ? – મેઘાલય

116. તાજેતરમાં ભારતના કયા રાજ્યની સરકારે 'કોર્બેટ ટાઈગર રિઝર્વ' માટે 'સ્પેશિયલ ટાઈગર રિઝર્વ ફોર્સ'ની રચના કરવાનો નિર્ણય કર્યો છે ? – ઉત્તરાખંડ

117. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'ગઝનવી' મિસાઈલનો સંબંધ કયા દેશ સાથે છે ? – પાકિસ્તાન

118. તાજેતરમાં રશિયાના કઝાન ખાતે યોજાયેલી World Skills 2019 સ્પર્ધામાં 'વોટર ટેક્નોલોજી'માં ગોલ્ડ મેડલ જીતનાર ભારતના શ્રી એસ. અસ્વથા નારાયણ કયા રાજ્યના છે ? – ઓડિશા

119. તાજેતરમાં 'સ્ટ્રોમબોલી' નામના જ્વાળામુખીમાં વિસ્ફોટ થયો છે... આ જ્વાળામુખી કયા દેશમાં આવેલો છે ?

– ઈટલી

120. તાજેતરમાં રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ મેળવનાર ભારતના પ્રથમ મહિલા પેરા એથ્લિટનું નામ શું છે ?

– સુશ્રી દીપા મલિક

**ખાસ નોંધ:** 'સુશ્રી' અથવા તો 'સુજ્ઞશ્રી' એ મહિલાઓ માટેનો માનવાચક, આદરસૂચક શબ્દ છે. જેનો અર્થ વિદ્વાન, સુંદર, ઉદાત્ત, આદરણીય મહિલા થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

દરેક પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી ફ્રી ઓનલાઈન મટીરિયલ્સની માહિતી માટે icerajkot PAGE LIKE કરો.

FACEBOOK
icerajkot

આ મેગેઝિન ફ્રી મેળવવા માટે અમારી નવી AUTHENTIC TELEGRAM CHANNEL

(t.me / icerajkotofficial)

આજે જ JOIN કરો.



ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

ALL TYPE OF COMPETITIVE EXAMS

| | | | |
|---|---|---|---|
| GPSC | SBI | PSI | TALATI |
| UPSC | PO | PI | Dy. S.O. |
| IBPS | CLERK | CONSTABLE | Dy. MAMLATDAR |

- સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાતો દ્વારા અભ્યાસ.
- ગણિત, ENGLISH, ગુજરાતી અને સામાન્ય જ્ઞાનની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા.
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી.
- જરૂરી અને મર્યાદિત વાંચનના માધ્યમથી પરીક્ષાલક્ષી અને પરિણામલક્ષી તૈયારી.
- વ્યૂહાત્મક તૈયારી માટે અલ્ટ્રાપ્લાનિંગ.
- અનુભવી નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલું ટુ ધી પોઈન્ટ અપડેટેડ સ્ટડી મટીરિયલ્સ.
- સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ.